

# અધ્યાત્મ

વર્ષ : ૬ જાન્યુઆરી : ૧૯૮૫ અંક : ૪

## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ નિમિત્તે પણ ભાવિક સાધકો તરફથી આર્થિક સહાય મળતી રહે છે. ડીસેમ્બર, ૮૪ના અંકમાં સ્થળ સંકોચને લીધે, આ વિગતો મૂકી શકાઈ ન હતી. આ અંકમાં નવે. અને ડીસે. ૮૪માં મળેલી સહાયની વિગતો મૂકવામાં આવી છે. નાની મોટી સહાય આપનાર સહુ દાતાઓને અભિનંદન.

રૂા.

૧૧,૦૦૦ ડૉ. વિજયભાઇ ભટ્ટ, ઋષિકેશ.
૫,૦૦૦ શ્રી નવીનચંદ્ર દવે, રાજકોટ.
૨૦૦૧ શ્રી ગૌરાંગ મહાપ્રભુ તરફથી.
૧૦૦૧ શ્રી વિઠ્ઠલભાઇ માણેકચંદ, સુરત
હા. શ્રી રમેશભાઈ પટેલ.
૧૦૦૧ સ્વ. નારદલાલ દેવશંકર ત્રિવેદીના
સ્મરણાર્થે હા. પદ્માબેન ત્રિવેદી, અમદાવાદ.
૫૦૧ શ્રી ભૂપતભાઈ દેસાઈ, પાટડી.
૫૦૧ ,, લાભુબેન અડાલજા, મદ્રાસ.
૫૦૧ ,, શાન્તાબેન અશ્વિનકુમાર મહેતા, મુંબઇ.
૫૦૧ ,, કલ્પનાબેન રાજેન્દ્રભાઇ પટેલ.
૫૦૧ ,, વીણાબેન ઠાકોરભાઈ દેસાઈ, સુરત.
૫૦૧ ,, રમીલાબેન શ્રીપતલાલ જરદોશ, સુરત.
૫૦૧ ,, કિશોરભાઇ ભાવસાર, સુરત.
૫૦૧ ,, સુશિલાબેન ચંદુલાલ રાંદેરિયા, સુરત.
૨૦૧ ,, ધીરીબેન કામાણી, રાજકોટ.
૧૫૧ એક સાધકભાઇ તરફથી, સુરત.
૧૦૧ શ્રી માણેકલાલ વિનોદચંદ નાગર.
૧૦૧ ,, નંદલાલ મોતીલાલ મહેતા.

( અનુસંધાન પાનાં ૪૦ ઉપર )

## પરમ તપસ્વિની પૂ. માથી સર્વેશ્વરી



તેઓશ્રીના ૨૮૦માં ઉપવાસના દિને. છેલ્લા ૧૯ દિવસથી તો કેવળ પાણી ઉપરના ઉપવાસો છે. છેલ્લા ત્રણ દિવસથી પાણી વિનાના. કેવું અદ્‌ભુત તપ પ્રભુ કરાવે છે.

## રક્ષા કરોને

રક્ષા કરોને પ્રભુ! અમારી,
છાયા ધરી દો પૂર્ણ તમારી.

દૃષ્ટિથી દોષદર્શન ના કરીએ,
વાણી મધુમય મંગલ કહીએ,
કાયાથી સત્કર્મ સદાય કરીએ,
સેવા કરીને સફળતા વરીએ. ...રક્ષા.

પ્રભુમંદિરે, સંતના દ્વારે,
પ્રયાણ કરીએ શ્રદ્ધાથી પ્યારે,
મનની સદાયે ચોકી કરોને,
ચરણકમળમાં એને ધરોને. ...રક્ષા.

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૪ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| કેળવણી | યોગેશ્વરજી | ૩ |
| યાત્રાની યાત્રા | ઈશ્વરભાઇ ભક્ત | ૬ |
| ઈશ્વર ક્યારે હસે છે ? | પ્રાગજી ડોસા | ૧૩ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૧૬ |
| પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં | અતુલ કોન્ટ્રાકટર | ૧૯ |
| કર્મ અને ફળ | હરીશ વટાવવાળા | ૨૮ |
| મોરબીની સત્સંગ સરિતા | સત્સંગી | ૩૩ |
| વાણીને | રણજિત પટેલ | ૩૬ |
| સદ્દગુરુ મારા | સૂર્યકાંત ભટ્ટ | ૩૭ |
| ચેતન પૂજા | ભૂપતરાય મો. ઠાકર | ૩૮ |
| મન | મંગળભાઇ પંચાલ | ૪૧ |
| લોમ અનુલોમ પ્રાણાયામ પ્રકાર–૨ | મણિભાઇ શાહ | ૫૨ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૬ જાન્યુઆરી ૧૯૮૫ અંક : ૪


## કેળવણી

થોડાક વખત પહેલાં અમે અમદાવાદથી લકઝરીબસમાં બેસીને રાજકોટ જઇ રહેલા. અમદાવાદના બસસ્ટેન્ડ પર બસ આવી એટલે મુસાફરો પોતપોતાની સીટ પર બેસવા માટે આગળ વધ્યા. એ દરમિયાન એક કોટ-પાટલુનવાળા ગૃહસ્થ બસમાં સૌથી પહેલાં ચઢી ગયા અને એમનો સામાન મૂકવા માંડ્યા. બીજા મુસાફરો બસમાં બેસવા માટે આગળ વધ્યા પરંતુ પેલા ગૃહસ્થે બસના પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને એમના રસ્તાને રોકી રાખ્યો. થોડી વાર પછી એમણે નીચે કૂદકો માર્યો. એક વયોવૃદ્ધ પુરુષના પગ પર એમનો પગ પડતાં સહેજમાંજ બચી ગયો. એ બૂમ પાડી ઊઠ્યા. બીજા મુસાફરો પણ કહેવા માંડ્યા કે તમે લકઝરી બસના પેસેન્જર છો અને આવું બિનજવાબદાર વર્તન કરો છો ? એ ગૃહસ્થે ગર્જના કરી કે તમે તમારા મનમાં શું સમજો છો ? હું તો એમ. એ. એલ. એલ. બી. છું. કોઇએ કહ્યું, અરે ભાઇ, એમ. એ. એલ. એલ. બી. હો તેથી શું થયું ? તમારું વર્તન તો અભણ માણસથી પણ ખરાબ છે. તમારા કરતાં તો અભણનો વ્યવહાર સારો હોય છે.

પેલા મહાશય બસની અંદર આવીને ધૂમ્રપાન કરવા લાગ્યા અમે અંદર જઈને જોયું તો એમણે અમારી સીટને રોકી રાખેલી. અમને એ આગળ જ નહોતા વધવા દેતા. મેં બસના કંડકટરને વાત કરી. કંડકટરે એમની પાસે ટિકિટ માગી તો સૌને આશ્ચર્ય થયું. એમની પાસે ટિકિટ જ ન હતી. એમણે બસનું રીજર્વેશન જ નહોતું કરાવ્યું. એમને નીચે ઉતરવા માટે કહેવામાં આવ્યું પરંતુ એ એમ સહેલાઈથી સમજે એવા ન હતા. એમને જેમ તેમ કરીને નીચે ઉતારવા પડ્યા. નીચે ઉતરતી વખતે એમણે જણાવ્યું કે હું જોઇ લઇશ. હું એમ. એ. એલ. એલ. બી. છું.

એક બીજા સાધારણ શિક્ષાપ્રાપ્ત પુરુષ એજ બસમાં મુસાફરી કરવા આવેલા તે સેવાભાવી અને સંસ્કારી લાગ્યા. તે બીજાને એમની સીટ પર બેસવામાં મદદ કરતા અને એમના સામાનને પણ યોગ્ય રીતે મૂકાવતા. એ બંને દૃશ્યો પરસ્પર વિરોધી અને વિચારપ્રેરક હતાં. કેળવણી એનો આશ્રય લેનારને કેળવે નહિ, વિનયી, શિસ્તપ્રેમી, અનુશાસનાત્મક, શુદ્ધ, સત્યનિષ્ઠ ના બનાવે, આદર્શ માનવને અનુરૂપ સદ્વ્યવહાર કરતાં ન શીખવે, તો એની કિંમત કેટલી ? કેળવણી કેવળ ચિંતનમનન કે જ્ઞાન-વિનાની સામગ્રી નથી. મસ્તિષ્કની શોભા નથી. વિવિધ વિષયોની નિતનવી માહિતી નથી. ડીગ્રી નથી. તે તો તન, મન, વચન, વર્તનની વિશુદ્ધિ છે. એજ એક એવી વસ્તુ છે જે માનવને પશુ કરતાં જુદો પાડે છે, વિચારશીલ ને વિવેકી બનાવે છે, સમાજ-જીવનમાં સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેતાં ને બીજાને સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેતાં શીખવે છે, માનવને માનવતાથી મંડિત કરે છે. કેળવણી જીવનનું આમૂલ પરિવર્તન ઉદાત્તીકરણ અને સ્વભાવનું સંશોધન અને ઉર્ધ્વીકરણ છે. માટે તો પેલા પ્રાચીન સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે જેનામાં વિદ્યા નથી, તપ, જ્ઞાન, દાન,



શીલ, સદ્ગુણ કે ધર્મપરાયણતા નથી તે મૃત્યુલોકમાં ભૂમિને ભારરૂપ છે અને મનુષ્ય રૂપે પશુની પેઠે શ્વાસ લે છે.

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः
ते मृत्युलोके भुवि भारभूता, मनुष्यरूपेण मृगाश्चरंति ॥

વિદ્યા અથવા કેળવણી તપ છે, દાન છે, જ્ઞાન છે, શીલ છે, સદ્ગુણ છે, ધર્મ છે—એવો પણ એનો ભાવાર્થ કરી શકાય. વિદ્યા માનવને બીજું બધું બનાવે—વકીલ, ડોક્ટર, ઈજનેર, અધ્યાપક, વેપારી, બધુંજ—પરંતુ માનવ ના બનાવે તો શું કામ-નું ? વિદ્યા પોતાને ને પોતાના કર્તવ્યને જણાવનારી હોવી જોઇ-એ. ત્યારે જ એને આદર્શ કહી શકાય.

—યોગેશ્વરજી

સંગ કર્યા વગર સતત કામ કરતા રહો, તોજ તમે સાચું સુખ પ્રાપ્ત કરી શકશો. આ છે ભગવાનના પરમ ધામમાં પહોંચવાની ચાવી.

*

તમારા કાર્યમાં રત રહીને જીવન જીવો. કોઇના પર આધાર રાખો નહિ. એકલા ઈશ્વરનો જ આધાર રાખો નકામાં ગપ્પા છોડી દઇને ઈશ્વર નામનું સ્મરણ કરો.

# યાત્રાની યાત્રા

ઈશ્વરભાઇ ભક્ત

અમેરિકામાં ફરતા ફરતા એક દિવસ Book Emporium ની દુકાનમાં જવાની ઈચ્છા થઇ. હું એકલો જ હતો. બે ત્રણ કલાક સમય હતો. નિરાંતે જોઈ શકાય એવી સ્થિતિ હતી. પરંતુ ત્રણ કલાક એક જ દુકાનમાં કોણ રહેવા દે? તેવા ઘરાકને જોઇને ભલભલાને શંકા–કુશંકાઓ થાય જ. વળી પારકી ગાડીમાં બેસીને ફરવાનું એટલે પરાવલંબનમાં સમયની મર્યાદા ખાસ જાળવવી પડે. ગાડીવાળાએ કહેલું કે બરાબર અરધા કલાકે હું તમને લેવા આવીશ. એટલે અરધા કલાકમાં અનેક પુસ્તકોનાં પાનાં મે ઉથલાવી જોયેલાં. ત્યારે એક પુસ્તકે મારું ધ્યાન ખેંચ્યું હતું. પુસ્તકનું નામ હતું "ધ ઇન્વીઝીબલ પિરામિડસ" તેના એક પાના પર મારી નજર ઠરી ગઈ અને એક પંક્તિમાં મારું મન ઘેલું બન્યું. તેનો ઉતાવળે ગુજરાતી-માં આ પ્રમાણે મેં અનુવાદ કર્યો હતો "બહારના વાતાવરણની નાગચૂડમાંથી મુક્તિ મેળવતા પહેલાં સંકીર્ણ અવયવોવાળાં પ્રાણીઓએ પોતાની અંદર સ્થિરતા પ્રાપ્ત કરી લેવી જોઇએ." લેખક હતા ડો. કલોક બર્નાર્ડ. તેઓ ફ્રાન્સના હતા એવું જાણવા મળેલું. તેઓ આધુનિક જગતના મહાન વૈજ્ઞાનિક પણ ગણાય છે. તેમના આ વાકયમાં મને આજના જગતને ઉપયોગમાં આવે એવો સાર સમાયેલો લાગ્યો. આ અણુ યુગમાં કયો દેશ કોના પર આક્રમણ કરશે અને માત્ર પાંચ દશમિનિટમાં જ જાગેલું વિશ્વયુદ્ધ શમી જશે તે અંગે ભય-યુક્ત લાગણીથી ઘણા બુદ્ધિજીવીઓ તર્ક–વિતર્ક કર્યા જ કરે છે. તેવા સમયમાં આ પંક્તિઓ ધ્રુવતારકની ગરજ સારે એવું લાગે છે. ઉત્ક્રાન્તિનું હવે પછીનું પગલું કેવું હશે તેનો



પણ અહીં ગર્ભિત ઈશારો પ્રાપ્ત થાય છે. આ પંક્તિમાં આંતરિક પરિસ્થિતિની સ્થિરતા અંગે ભાર મૂકવામાં આવ્યો છે. મનુષ્ય-ની ગણતરી વળી સંકીર્ણ અવયવોવાળાં પ્રાણીમાં થઇ જાય છે. તેથી મનુષ્ય પોતાની અંદર સ્થિર બને અને સ્થિરતા પ્રાપ્ત કરે તો તે બાહ્યવાતાવરણ પર સંપૂર્ણ કાબુ મેળવી શકે છે એવો આ પંક્તિનો મને ધ્વનિ સંભળાયો. મને તરત જ પૂજ્યશ્રીની યાદ તાજી થઇ અને તેમણે આવા જ સંદર્ભમાં મને ઈ. સ. ૧૯૮૦માં ડલાસના વિશાળ એરપોર્ટ પર જે બોધ આપેલો તે ધ્રુવ તારકની માફક માનસપટ પર ચમકવા લાગ્યો. તેમણે કહેલું કે સ્વમાં પ્રતિષ્ઠિત થનાર જ મહત્ત્વનો ગણાશે એવો હવે પછીનો સમય આવશે. સ્વમાં પ્રતિષ્ઠિત તે જ થઈ શકે જે મનની ચંચળતાને ઓછી કરી, સંયમિત બની, અંતર્મુખ બને. પોતાની અંદર ડોકિયું કરે. આત્મ-વિદ્યા માટે રસ પેદા થાય તો તે પુરુષાર્થ કરીને પોતાના સ્વરૂપને જાણી શકે અને તેમાં સ્થિતિ પણ કરી શકે. આત્મ-વિદ્યાની શોધ માત્ર ભારતની જ છે. પોતાનું આગવું કહી શકાય એટલું ભારત પાસે આટલું જ છે! જો અમેરિકનોને આત્મવિદ્યાનું ઘેલું લાગશે તો તે પણ પરવાનો ભારત પાસે રહેશે નહીં! કારણ કે ભારતીયોને આત્મવિદ્યાની પડેલી નથી! માટે તમે સ્વમાં પ્રતિષ્ઠિત થવા પ્રયત્ન કરતા રહેજો અને વ્યવસાયમાં સમય આપજો.

આજ વાત તેમણે ફરીથી મને ઋષિકેશમાં ગયે વર્ષે કહી હતી. અમે હરિદ્વારથી ઋષિકેશ પહોંચ્યા પછી બીજે દિવસે સાંજે મને સૂચના આપી હતી કે "આવતી કાલે બપોરે તમારે એકલાએ જ મારી પાસે આવવું!" મહાત્મા-જીના ઉતારાથી અમારો ઉતારો દૂર હતો. ગુજરાતી આશ્રમ-મની તે જગ્યા હતી. મારું મન થોડા સમય માટે વિચારને

ચગડોળે ચઢ્યું હતું. મને એકલાને જ શા માટે બોલાવ્યો હશે ? તર્ક–વિતર્કમાં મન મગ્ન બનેલું અને પગ એની મેળે ઉતારા તરફ કૂચ કરતા હતા. મારા કલ્યાણ માટે જ હશે એવું સમાધાન થયું ત્યારે નિરાંત થયેલી.

બીજે દિવસે ૧૧–૩૦ કલાકે તેમને ઉતારે પહોંચ્યો ત્યારે ત્યાં મહાત્માજી એકલા જ હતા. મા તો કુંદન બહેન, સુશીલા બહેન, કલોલાના ધર્મપત્ની સાથે ગંગાકિનારે ગયાં હતાં ! તેથી તો મહાત્માજીએ ચાલતા ચાલતા ગંગાજી જવાની મને આજ્ઞા કરી. અમે બંને જણાએ ધીમે ધીમે ગંગાજી તરફ ચાલવા માંડ્યું હતું અને સત્સંગનો પ્રારંભ મહાત્માએ ડલાસના એરપોર્ટ પર જે વાત કરી હતી તેજ વાતથી કરેલો. ફ્રાન્સના મહાન વૈજ્ઞાનિકના કથનને વાંચ્યા પછી મને પૂજ્યશ્રીની વધારે યાદ આવવા માંડી. ભારતના ઋષિમુનિઓએ આ સત્ય હજારો વર્ષ પહેલાં શોધેલું અને તે સત્યનો અનુભવ ૨૦મી સદીમાં પૂજ્ય યોગેશ્વરજીએ પણ કર્યો અને માર્ગદર્શન પણ આપ્યું. છતાં તેનું મહત્ત્વ ભારતવાસીને નથી ! એક વૈજ્ઞાનિકના કથન વાંચ્યા પછી મને પણ આંતરિક સ્થિરતાના મહિમાનો વિશેષ ખ્યાલ આવ્યો અને પૂજ્યશ્રીનાં ચરણોમાં માનસિક રીતે વંદના કર્યા વિના રહી શક્યો નહીં.

પૂજ્ય શ્રી સાથે અમે બંને વાતો કરતા કરતા ગંગાકિનારે પહોંચ્યા ત્યારે મેં ઉપરોક્ત સંદર્ભ અનુસાર મા અંગે પૂછેલું : "મા આત્મવિદ્યાને માર્ગે કહેવાય ?" તેઓ જરાવાર ઉભા રહી બોલેલા કે "અવશ્ય, તેઓ આત્મવિદ્યાને માર્ગે જ છે. આત્મવિદ્યા કાંઈ યોગીઓનો કે જ્ઞાનીઓનો ઇજારો નથી. ભક્તિદ્વારા પણ આત્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. સાચો ભક્ત પોતાનું સ્વરૂપ જાણી લે છે અને તેમાં તે



પણ સ્થિતિ કરવા પ્રયત્ન કરે જ છે. માને પણ તે સિદ્ધ છે જ. હું તો કહું છું કે આત્મવિદ્યામાં તેઓ ભવિષ્યમાં પારંગત બનશે ! મા અંગે તે દિવસે મને અદ્‌ભુત પરિચય તેમણે આપેલો. માનો પ્રપત્તિ ભાવનો મુદ્દો નીકળ્યો ત્યારે તેમણે પ્રતિપાદન કરેલું કે માનો પ્રપત્તિભાવ અનન્ય ને અજોડ છે. ઘણા માણસો શરણાગત હોવાનો દાવો કર્યા કરે છે. પોતે સમર્પિત થઈ ગયાની જાહેરાત પણ જ્યાં ત્યાં કરતા રહે છે. પરંતુ એમ કાંઇ સમર્પણ થોડું થઇ શકે છે ? આ તો બધી બનાવટી વાત છે. સ્મશાન વૈરાગ્ય જેવો ક્ષણિક સમર્પણભાવ હોય તેથી શું ? ઘડી ઘડીમાં તો એ લોકોનો ભાવ બદલાતોજ રહે છે ! પોતાની જાતને સમર્પિત થઇ ગયેલી માનવી એ તો આત્મવંચનાજ છે ! પરંતુ માએ તો કરીને બતાવ્યું છે ! માનો સમર્પણભાવ હિમાલય જેટલો મહાન અને ગંગા જેટલો પવિત્ર છે ! તેઓ સાચા શરણાગત છે ! તેમને કોઈ સ્વાર્થજ રહ્યો નથી ! કાંઈ અંગત જેવું છેજ નહિ ! જો સ્વાર્થ હોય તો પરમાત્માનું માત્ર દિવ્ય દર્શન જ ! નિત્ય નિરંતર પરમાત્મભાવથી તેમનું હૃદય સભર રહે છે. પરમાત્માના દિવ્ય દર્શન સિવાય તેમને કોઈ મનોકામનો જ નથી. અને એ પ્રાપ્ત કરવા એમણે ગુરુના માધ્યમને દિવ્ય માન્યો છે ! ગુરુમાંજ પરમાત્મભાવનો અનુભવ એ તેમની આગવી સિદ્ધિ છે.

પૂજ્યશ્રીનો વાક્‌પ્રવાહ અસ્ખલિત વહેતો હતો. મને ધાતુશુદ્ધિ એટલે શું એવું પૂછવાનું મન થઈ આવ્યું હતુ. તેમણે સુંદર માર્ગદર્શન આપતાં કહેલું કે

માત પિતાકી મેટો ઘાત
ઐસા હોઈ ભુલાવૈ નાથ !

યોગી તપશ્ચર્યાની ઉગ્ર સાધના કરે છે. સાધનાના અગ્નિ-

માં લોહી–માંસને તે હોમી દે છે. માતપિતા દ્વારા પ્રાપ્ત થયેલી દેહની ધાતુ ભસ્મીભૂત થઇને નવીનતમ બને છે માતપિતા દ્વારા જે શરીર મળ્યું હોય છે તે તો કાચીધાતુનું જ ગણાય છે. તેને સાધનાના અગ્નિમાં પરિપક્વ બનાવવામાં આવે છે. પરિપક્વ બને તોજ પરમાત્માના અખંડ અનુસંધાનની પ્રાપ્તિ માટે તે કાયા સક્ષમ બને છે. તેની સ્થિતિ પાકેલા ઘડા જેવી થઈ જાય છે. તે કાળ વિજયી બને છે. એકવાર પરમાત્મદર્શન થઇ જાય પછી કોઈ સદ્ભાગીને આવી દિવ્ય તરસ પુરાતન પ્યાસ લાગે છે. જેને લાગે છે તેની કાયા તપશ્ચર્યાના અગ્નિમાં તપીને પરિપક્વતા ધારણ કરે છે. મને આત્મકથાની યાદ આવી એટલે તરત જ પૂછ્યું કે માતપિતા દ્વારા પ્રાપ્ત થયેલ દેહના પ્રત્યેક અણુ પરમાણુઓ આપે બદલી નાખ્યા હતા એવું "પ્રકાશના પંથે"માં વિધાન છે તે આજ સંદર્ભમાં? તેમણે હા ભાણી અને એજ સંદર્ભમાં માને અનુલક્ષીને તેમણે થોડું આ પ્રમાણે સ્પષ્ટીકરણ કર્યું હતું—"માને આવી પ્રક્રિયામાંથી પસાર થવાની આવશ્યકતા નથી. તેઓ પોતે તો જગદમ્બા સ્વરૂપ જ છે. છતાં લોકાચાર માટે તેઓ શુદ્ધિયજ્ઞ એકાદ વર્ષમાંજ ચાલુ કરશે."

આજે પૂજ્યશ્રીની સ્થૂળ ગેરહાજરીમાં નવ માસથી તેઓ જે તપશ્ચર્યા કરી રહ્યા છે તે શુદ્ધિયજ્ઞજ છે! પૂજ્ય યોગેશ્વરજીએ વર્ષો સુધી કેવી આકરી તપશ્ચર્યા કરેલી અને કેવી રીતે ધાતુની શુદ્ધિ સાધેલી તે તેમની આત્મકથાનાં પૃષ્ઠો પરથી જાણી શકાય છે. જંગલમાં એકાંત સ્થળમાં તપશ્ચર્યા કરનાર યોગીઓનું જીવન તે લોકો જણાવે ત્યારેજ ખબર પડે છે. તેમાં સત્યાસત્યની શંકાઓ લોકમાનસને પીડતી હોય છે. તેથી શ્રદ્ધાનો અભાવ જનસમુદાયમાં પ્રવર્તે છે. પરંતુ માતો બધાની વચ્ચે રહીને તપી રહ્યાં છે! સંસારી લોકોની સાથે



રહે છે, ક્રિયાઓ કરે છે, સાધનભજન કરે છે, કયારેક વાતો પણ કરે છે અને છતાં દેખીતી તપશ્ચર્યા પણ કરે છે, જેની ના કોઈથી થઇ શકે એમ નથી. જાણે કે બ્રહ્મ–અગ્નિમાં પોતાની જાતને પ્રજ્વલિત કરી રહ્યાં છે! પુરુષ હોય કે સ્ત્રી, કોઇ પણ વ્યક્તિ, વિના ભેદભાવે પરમાત્માનાં દર્શન કરી શકે છે અને પરમાત્મામય થવા સંસારમાં રહીને સફળતાપૂર્વક પ્રયત્ન કરી શકે છે એવો જાણે કે વિશ્વાસ જગવી રહ્યાં છે! જેને ઇચ્છા હોય તે નજીક આવે ને જુએ. કોઈ આગ્રહ નહીં, કોઈ બળજબરી નહીં! જુએ તેને શંકા કેવી રીતે રહે? પૂછવાનું પણ શું રહે? પરંતુ ખરેખર, બધાં આવું જોઈ શકતાં નથી. પુણ્યશાલી જીવોને જ સંતોનો સહવાસ ગમે છે અને તેથી તેવા લોકોજ નજીક આવે છે. નજીક આવેલામાં પણ જે સ્વાર્થનું કોચલું તોડી શકે તેજ આવા શુદ્ધિયજ્ઞનો મહિમા સમજી શકે.

તેથી ગયે વર્ષે કરેલી ગંગોત્રીની યાત્રામાં મા સર્વેશ્વરી અમારી સાથે હતાં તે અમારું સદ્ભાગ્ય હતું એમ હું દઢપણે માનું છું. જોકે સ્ત્રીસંતોને સમજવા માટે હજી પણ આપણી દષ્ટિ મર્યાદાઓથી ધૂંધળી બનેલી છે. સામાજિક અને સાંપ્રદાયિક કૂપમંડૂકતાને છોડવામાં ન આવે ત્યાંસુધી આપણે સત્યને વફાદાર થઈ શકીશું જ નહિ. મુક્તપણે વિચાર કરવામાં આવે તો સ્ત્રીઓ પણ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધી શકે છે અને સર્વોચ્ચ ગણાતાં શિખરોને સફળતાપૂર્વક સર પણ કરી શકે છે તેનો ખ્યાલ આવી શકે. મા સર્વેશ્વરી તે માટે દષ્ટાંતરૂપ છે. તેમનાં નિર્દોષતા સાહજિકતા અને વત્સલતા તેમની આસપાસ પવિત્રતાનું એક તેજોવર્તુળ રચે છે, જે કવચનું કામ કરે છે તેવી મને પ્રતીતિ છે. ધ્યેય નિષ્ઠા, પ્રપત્તિભાવ અને અનન્ય ભક્તિનો ઉત્કૃષ્ટ

આવિર્ભાવ મીરાંની માફક તેમનાં વિશેષ આભૂષણો છે. ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક શિખરો પર જ્યારથી તેમણે સીધું ચઢાણ ચાલુ કર્યું હતું ત્યારથી તેમની દિવ્યતાનું તેજ તેમના મુખ મંડળ પર હું જોતો આવ્યો છું. મા સર્વેશ્વરીમાં ભાગવતી શક્તિનો આવિર્ભાવ દિન પ્રતિદિન વિશેષ પ્રમાણમાં થયા કરતો હોય તેવી મને પ્રતીતિ થયા કરે છે. ધ્યેય માટે ખપી જવાની તેમની ફનાગીરીનાં દર્શન તો પ્રત્યેક પગલે જોવાં મળ્યાં છે. ગુરુકૃપાની સિદ્ધિથી તેઓ વિભૂષિત છે. તેમની ઉત્ક્રાંતિ પંથના વળાંકો અને વિસામાઓનો પરમાત્માએ મને સાક્ષી બનાવ્યો છે. એટલું જ નહીં પણ તે તમામ વળાંકોને વટાવીને તેમણે જે પ્રગતિના સર્વોત્તમ શિખરો સર કર્યાં છે તેના પણ સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. તેવી વ્યક્તિ સાથે યાત્રા કરવાની તક અને લ્હાવો પરમાત્માએ મને આપ્યો તે મારા પુણ્યકર્મોનું ફળ છે એમ માનું છું.

મા સર્વેશ્વરીને જન્મ દેનારી માતાની અસ્થિ–વિસર્જનની ક્રિયા અમારી યાત્રાનું નિમિત્ત હતું. તે પૂર્ણ કરવામાં યોજનાની વિચારણા કરી રહ્યાં હતાં. તે અંગે ગુરુ યોગેશ્વરજી પાસેથી માર્ગદર્શન પણ પ્રાપ્ત કરી લીધું હતું. યોગ્ય સમય અને ઘડી આવતાં તે ક્રિયા ખુબ ભાવપૂર્વક પરિપૂર્ણ થઇ હતી અને ત્યાર પછીજ અમારી યાત્રા આગળ ચાલી હતી.

તો એક વૈજ્ઞાનિકના વચન પર સવાર થઇ મારા મને તો યાત્રાની પણ યાત્રા કરી લીધી અને ધન્યતાનો અનુભવ કર્યો તે નાનીસૂની વાત ન કહેવાય !



# ઈશ્વર ક્યારે હસે છે ?

પ્રાગજી ડોસા

ઈશ્વર ક્યારે હસે છે ?

લોભી ધન દાટે છે ત્યારે.

કોઇ રૂપરાણીને એના રૂપ અને જુવાનીનો ગર્વ થાય છે ત્યારે.

કોઇ સત્તાધીશને એની પદવીનું અભિમાન થાય છે ત્યારે.

રોમન સામ્રાજ્યનો ગરૂડધ્વજ ફરકતો હતો એ સત્તાધીશ સિઝરનું સામ્રાજ્ય લુપ્ત થયું. એલેક્ઝાન્ડર સિકંદરના સિંહાસન પર કરોળિયાનાં જાળાં બાઝી ગયાં. મોગલ સલ્તનતનો ચાંદ ચાર દિવસનું ચાંદરણુ પાથરી અસ્ત થઇ ગયો.

આ બધું જોવા જાણુવા છતાંયે સિંહાસન માટે મનુષ્ય શક્તિનો દુર્વ્યય કરે છે ત્યારે ઇશ્વર હસે છે.

અંત સમયે પુત્ર કે પરિવાર કોઇ સાથે આવતું નથી. છેવટે તો લાશ ઉપરનું કફન પણ એ પુત્ર તાણી લે છે. એ જોવા છતાંયે જેનો વસ્ત્રાભૂષણનો મોહ છૂટયો નથી તેના પર ઇશ્ર હસે છે.

કોઇ એક ડોલીવાળો હતો. બદ્રિનારાયણુની જાત્રાએ જતા યાત્રાળુઓની ડોલી ઉપાડી નરનારાયણુના દર્શને લઇ જતો. એક દિવસ એની કાંધ ઉપર કો દુલ્હનની ડોલી ઉપાડી લઇ ગયો. ચાર દિવસ પછી એ જ આશાભરીની નનામી ઉંચકવા એને બોલાવવામાં આવ્યો ત્યારે એણે ઊંચે આસમાન તરફ

દૃષ્ટિ કરી. ઈશ્વર હસી રહ્યો છે. અને એ ડોલીવાળાએ પોતાની જ ચિતા જલાવી. કાષ્ટચંદનની ચિતા નહિ પરંતુ પ્રભુ પ્રેમની પાવક જ્વાલા અને તેમાં " હું " પણુ હોમી દીધું. દર્પણમાં રહેવા છતાંયે પોતે દર્પણની બહાર છે એનો સાક્ષાત્કાર એમણે કર્યો. બદ્રિનારાયણ જતા જાત્રાળુઓએ એમને જોગીબાબા તરીકે ઓળખ્યા.

ધૂમાડિયું ફાનસ કાળા મસ ગોટા બહાર કાઢે તેમ મનુષ્યના અંતરમાંથી " હું "ના ધુમાડા બહાર નીકળે જાય છે. " હું " ની અસર મનુષ્યના ચિત્તતંત્ર ઉપર થાય છે. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થાય એટલે વિષાદ અને વેદના એની માનસ ગ્રંથીઓને અસર કરે છે. એમાં ક્ષોભ પેદા થાય છે અને કદીક ચિત્તભ્રમ અવસ્થા હોય તે પ્રમાણે એ વર્તવા લાગે છે. સાગર તરંગો પર લોલવિલોલ થતા પંખીની પેઠે એને સમજાતું નથી કે કિનારો કયાં છે, ઊડવાની શકિત પણ એણે ગુમાવી દીધી છે. સ્મૃતિના ઘૂંઘટ પર પડદો છવાયો છે. " હું " પણાનો પડદો.

દીવાની આડે આવે એનો પડછાયો પડવાનો તેમ આત્મા-ની આડે " હુ " પણું આવ્યું છે. એની કાળી છાયા એના શરીર પર પણ પડે છે. ચિત્તતંત્ર પર અસર થાય એ શરીર-ને પણ સ્પર્શે છે અને મનુષ્ય વ્યાધિગ્રસ્ત થાય છે. જીવન-થી એ કંટાળી જાય છે, ભાગ્યને દોષ દે છે ત્યારે ઈશ્વર હસે છે. ભલા માણસ ! પોતાને મોઢે કાજળ લાગ્યું છે અને અરીસાને દોષ દે છે !

એ "હું" પણું ચિત્તમાંથી ઉદ્ભવી બહારની દુનિયામાં વિસ્તરવા માંડે છે. તણખલાને ટેકે સાગર તરવા કે પતંગિ-યાની પાંખે અંબર આંબવા મથે છે ત્યારે એને સમજાય છે કે આત્માને ખોઈ બેહોશીની આલમના આટાપાટામાં એ



અટવાઇ ગયો છે. એ સમજવા છતાંય તારોડિયાના તેજ-કિરણ ઝીલવા ઊડતા પંખી જેવા પુરુષ અને ફૂલઝરી પેઠે તણખા વેરતી તરુણીને જોઈ ઈશ્વર હસે છે.

એક અંધ મનુષ્ય રસ્તે જતો હતો તેની સાથે દેખતો મનુષ્ય અથડાયો. દેખતો મનુષ્ય-રોષમાં બોલી ઉઠ્યો :

"આંધળા ! જોઇને ચાલતાં શું થાય છે ?"

અંધ મનુષ્ય હસવા લાગ્યો એટલે દેખતો વધુ ચિડાયો.

"મારા પર હસે છે ?"

"ના ભાઇ ! ઈશ્વર તારા પર હસે છે."

આ "હું"પણું પણ એના જેવું જ છે. અથડાય પોતે પણ આળ અન્યને માથે ઢોળે છે જ્યાં આગ લાગી હોય ત્યાં પણ આગ લગાડે છે. એના પોતામાં પાણી છલોછલ ભર્યું છે એની એને જાણ નથી.

સંગ માયાનું બાળક છે. તેના બળથી જ પ્રભુની બધી લીલા ચાલી રહી છે. મન એટલું બધું ચિકણું છે કે તે જાણે દીવેલ, મધ, ગ્લિસરીન, સરેશ અને ફણસના રસ જેવી સંસારની બધી ચિકણી વસ્તુઓનું મિશ્રણ કેમ ન હોય ? આવા મિશ્રણથી મન દુન્યવી વિષયોમાં ચોંટી જાય છે. આસક્તિ ખૂબ જ બળવાન છે આસક્તિ સ્વાર્થમાંથી જન્મે છે. આસક્તિ જ સંસારનાં બધા દુઃખોનું મૂળ છે.

[ શ્રી યોગેશ્વરજીની આત્મકથા ]

# પ્રકાશના પંથે

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

જે સિંધી શેઠને ત્યાં હુ જમતો હતો તેમના કુટુમ્બીજનો શેઠની ઇચ્છાથી કામચલાઉ સમયને માટે સોલનમાં રહેતાં. સિમલાના રસ્તે દસેક માઇલ દૂર હવાખાવાના સુંદર સ્થળ તરીકે સોલન જાણીતું હતું. એકવાર શેઠે મને એમની સાથે સોલન આવવાનું આમંત્રણ આપ્યું. અમે સોલન પહોંચ્યાં. ત્યાં "સ્વાધ્યાય સદન"ના સ્થાપક સુપ્રસિદ્ધ પંડિત હરદેવ શર્મા મળ્યા. એમના શ્રીમુખેથી સમાચાર સાંભળ્યા કે માતા આનંદમયી અને હરિબાબાજી સોલનમાં પધાર્યા છે.

માતા આનંદમયીના સુખદ સ્વર્ગીય સમાગમનો સ્વર્ણ-સમય સમીપ આવ્યો, એ જાણી મને અસાધારણ આનંદ થયો, એમના ઉતારાનું સ્થળ પર્વતપંકિત વચ્ચે એકાંતમાં અને અત્યંત રમણીય હતું.

અમે ઓરડામાં અંદર પ્રવેશ્યા અને એમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. એમણે સ્મિત કર્યું માતાજીએ મારા તરફ જોઈને 'આવી ગયા ?' એવું એમની લાક્ષણિક રીતે કહેલું. એમણે ઉમરેલું કે ધ્યાનાવસ્થામાં મેં તમને અનેકવાર જોયા છે. હું માતાજી સામે જોઈજ રહ્યો. માતાજીનું મુખમંડળ અતિશય શાંત, આકર્ષક, ભાવમય હતું. એ નમ્રતા, સરળતા, શુચિતા અને પ્રેમની પ્રતિમૂર્તિ જેવાં દેખાતાં. એમના અંતરાત્માની ઉદાત્તતાનું અનુમાન પ્રથમ દૃષ્ટિએજ કરી શકાતું. મેં એમને ત્યાં રહેવા માટે પૂછી જોયું. એમણે મને ત્યાં રહીને એ વિશુદ્ધ વાયુમંડળની ઈચ્છાનુસાર લાભ લેવાની અનુમતિ આપી.



પાછા વળતાં મોટરમાં એ ધર્મપ્રેમી સિંધી શેઠે મને પૂછ્યું : 'માતા આનંદમયીને તમે જીવનમુક્ત માનો છો ?'

મેં કહ્યું : 'હા, એ એક ઉચ્ચકોટિનાં અસાધારણ અનુભવ સંપન્ન મહાન સાધ્વી છે, તેવું તમને ના લાગ્યું ?'

એ બોલી ઉઠ્યા : 'જીવનમુક્તના મોઢા પર માખી બેસે ? તેમના મોઢા પર માખી બેઠી હતી. અમે એમને જીવનમુક્ત ના કહીએ.'

એમની વિચારધારા વિચિત્ર હતી. મેં સ્હેજ પણ અસ્વસ્થ થયા સિવાય તેમને કહ્યું : 'જીવનમુક્તના મોઢા પર માખી બેસે જ નહીં એવું કોણે, કયા ગ્રંથે કે સંતે કહ્યું ? જીવનમુક્તની પરીક્ષા તો તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા કામક્રોધરહિતતા અને એના જીતેન્દ્રિયપણા પરથી થાય છે ને થવી જોઈએ. માતા આનંદમયીનું દર્શન ફરીવાર કરી જોજો. એ વખતે વધારે જાણવાનું મળશે." પરંતુ બીજીરીતે ખુબજ ધર્મપ્રેમી, સેવાનુરાગી એ સદ્‌ગૃહસ્થે માખીનો પ્રસંગ જોયા પછી તેમનું પુનર્દર્શન કરવાનો વિચાર માંડી વાળ્યો ! ખોટી માન્યતા કેવી બાધક બને છે !

મારે સોલનના સુપ્રસિદ્ધ જ્યોતિષી શ્રી હરદેવ શર્મા સાથે પરિચય હતો. એમના એક નાનકડા મકાનમાં મને તેમણે ઉતારો આપવાની તૈયારી બતાવી એટલે સોલનમાં હું ત્યાં રહીને માતા આનંદમયીનો સંપર્ક સાધી એમની સાથે સાધના વિષયક વાતો કરવા ઈચ્છતો હતો તેથી હું ત્યાંજ રહ્યો.

એક સાંજે એમની સાથે એકલા વાર્તાલાપ કરવાનો અવસર મળ્યો. એ વખતે મારૂં અંતર વધુ ભાવપ્રધાન હતું. એટલે વાતચીતના આરંભમાં જ મેં મારા ભૂતજીવનનો ઉડતો પરિચય આપ્યો. મારા પૂર્વજન્મની વાતનો પ્રત્યાઘાત

એમના ઉપર સારો અથવા અનુકૂળ પડ્યો હોય તેમ ના લાગ્યું. એમના મુખ પરનો આનંદ કોણ જાણે કેમ ઉડી ગયો હોય તેમ મને લાગ્યું.

મેં માતાજીને એમની સાથે ભવિષ્યમાં રહેવાની શક્યતા વિષે પૂછી જોયું. તો તેમણે ઉત્તર આપ્યો. 'દીદીને પત્ર લખવાથી એની માહિતી મળી રહેશે. કોઈવાર હું એકાંતમાં રહેતી હોઈશ ત્યારે તમને મારી પાસે બોલાવી લઈશ.'

એમનો ઉત્તર સાંભળીને મને સંતોષ થયો.

રાતે થોડોક સમય પંડિત હરદેવ શર્મા સાથે બેસતો. તેમણે મારી જન્મકુંડળીને જોઈને જણાવ્યું કે "લાખોમાં આવી કુંડળી કોઈ વ્યક્તિવિશેષની જ મળી શકે છે. આવી કુંડળી કૃષ્ણની કે રામની હતી. આ તો અવતારી પુરુષની કુંડલી છે."

મેં કહ્યું : "હું તો હજી ભૂલોથી ભરેલો સામાન્ય માણસ છું." પરંતુ પંડિતજીએ કહ્યું : "તમારૂં જીવન ઉજ્જવળ છે અને અતિશય ઉજ્જવળ બનવાનું છે."

બીજે દિવસે તેમની રજા લઈ પગપાળો ચાલતો હું ધરમપુર પાછો ફર્યો. ભોજનવિધિ પતાવી હું ચંપકભાઈને મળવા ગયો. મેં એમને મારી અનુભવ વાત કહી. (ક્રમશઃ)

---o---

સંસારરૂપી સર્પના દંશથી ઘવાયેલા મનુષ્ય માટે પ્રભુનું નામસ્મરણ એક પ્રબળ અજોડ મંત્ર છે. પ્રભુ નામસ્મરણ એક અમૃત છે. જેનાથી અમૃતત્વ તથા શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાય છે.



# પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

અતુલ કોન્ટ્રાક્ટર

## સુરતમાં એક દિવસની ધ્યાન સાધના શિબિર

સુરતથી વીસેક મીનિટના બસ રસ્તે વેસુ નામના ગામના શાંત અને રમણીય પ્રદેશમાં બનેલ ઘરડાઘરના તદ્દન નવા જ વિશાળ હોલમાં તા. ૧૬મી ડિસેમ્બરને રવિવારે એક દિવસની ધ્યાન સાધના શિબિરનું સુરતના સાધક–ભક્તોની ઇચ્છાથી અને પૂ.માની આજ્ઞાથી આયોજન કરવામાં આવેલું.

શિબિરનો મંગલ પ્રારંભ સવારે બરાબર આઠ વાગે પૂ.માના ભાવવાહી કંઠે ગવાયેલ પ્રાર્થના–ભજનથી થયો. શારીરિક રીતે વૃદ્ધ થયેલા માનવીઓ માટે બનાવેલ ઘરડાઘરમાં માનસિક પરિતાપો–અશાંતિથી વૃદ્ધ થયેલા માનવીઓ અને મુમુક્ષુઓ પૂ.માના 'અશરણ શરણ તમે છો સાચે...' પ્રાર્થના પંક્તિના શ્રવણ માત્રથી જાણે કે શાંત થઈ ગયા. તેમનાં મન દિવ્યતાની ચુવાની અનુભવવા લાગ્યાં. પૂ.શ્રીની હાજરીમાં થતી સાત દિવસની શિબિર વખતે જે દિવ્ય વાતાવરણ રચાતું તેવુંજ દિવ્ય વાતાવરણ ત્યાં પણ ઉભું થયેલું. ત્યારે મને પૂ.શ્રીની પેલી ધૂન યાદ આવીઃ–

"ચૈતન્ય સાગર ગરજે ૐ ૐ ૐ..."

પૂ.શ્રી અને બીજા સિદ્ધ મહાપુરુષોની સૂક્ષ્મ હાજરીને લીધેજ કદાચ આવું વાતાવરણ શક્ય બન્યું હશે.

સવારના આઠથી નવ સુરત ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી ભટ્ટસાહેબે ધ્યાન કેન્દ્રની રીતે પ્રાણાયામ, મુદ્રા અને ધ્યાન

કરાવ્યાં. નવથી સાડાનવના 'હળવી કસરત'ના કાર્યક્રમમાં સાત દિવસની શિબિરમાં પૂ.શ્રી યોગેશ્વરજી પોતાની આગવી શૈલી-છટા અને રમૂજથી ધ્યાનથી ભારે થઈ ગયેલા સાધકોના તન અને મનને જે રીતે હળવાંફૂલ જેવાં કરી દેતા તેવી જ રીતે શ્રી ભટ્ટસાહેબે આ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. આ જોઇ પૂ.માને ખરેખર સંતોષ થયો, આનંદ પણ થયો અને શ્રી ભટ્ટસાહેબને ગુજરાતમાં જ્યારે પણ શિબિરનું આયોજન થાય ત્યારે હળવી કસરત માટે હાજર રહેવાનું નિમંત્રણ પણ આપી દીધું. સાડાનવથી દસના 'સાધકના અનુભવો'ના કાર્યક્રમમાં પોતાના જીવનમાં થયેલા સર્વોત્તમ અનુભવો શ્રીરમેશભાઇ, શ્રીછગનભાઇ, ડો. રમાબેન, શ્રીલેખડિયા, શ્રીસુમનભાઈ અને શ્રીજ્યોત્સનાબેને (મુંબઈ) ટૂંકમાં જણાવ્યા. દસ મિનિટની વિશ્રાંતિ પછી અડધો કલાક પૂ.શ્રીએ અમેરિકામાં કરેલ પ્રવચનની ટેપ સંભળાવવામાં આવી. ત્યારબાદ અગિયારથી પોણાબાર સુધી પૂ.માએ ધ્યાનની બેઠકનું સંચાલન કર્યું.

ધ્યાનની શરૂઆતમાં પૂ. મા એ ધ્યાન વિશે થોડી સમજ આપતા કહ્યું : ધ્યાન એ શાંત થવાની ક્રિયા છે. ધ્યાનથી તન, મન અને અંતર પ્રશાંતિનો અનુભવ કરે છે. આપણે રોજિંદા જીવનમાં ધ્યાન કરતાં જ હોઇએ છીએ. રસ્તે ચાલતાં ધ્યાન રાખીએ છીએ કે ક્યાંક ઠોકર ન વાગી જાય, કોઇની સાથે અથડાઇ ન પડાય, રસોઈ કરતી વખતે પણ ધ્યાન રાખીએ છીએ કે દૂધ ઊભરાય ન જાય, દાળ શાક દાઝી ન જાય. વેપારી પણ પૈસાની ગણતરીમાં ધ્યાન રાખે છે. ડોકટર પણ પોતાનાથી દર્દી સ્વધામ ન પહોંચી જાય તેનું ધ્યાન રાખે છે. આમ ધ્યાન એ આપણા સામાન્ય જીવનમાં વણાઈ ગયું છે. ધ્યાન આપણે મન સહજ પ્રક્રિયા જ છે. પરંતુ આ ધ્યાન જે બહારના પદાર્થો તરફનું હતું તેને હવે આપણે અંદર-



ના પદાર્થો તરફ, મન તરફ, આત્મા તરફ લઇ જવાનું છે. ધ્યાન જ કરવાનું છે, પણ હવે પરમાત્માનું ! આપણા મનને ઈશ્વરમાં કેન્દ્રિત કરવાનું છે. મનની એકાગ્રતા માટે માનસિક કે હોઠ હલાવીને જપ કરી શકાય. આંખો બંધ કરી પ્રભુની મૂર્તિનું ધ્યાન કરી શકાય. શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓમાં પણ મનને પરોવી શકાય.

વળી સરળ, ભોળા, નિખાલસ હૃદયથી પ્રભુ સાથે વાર્તાલાપ કે પોકારો–પ્રાર્થના પણ કરી શકાય. "હે પ્રભુ ! હું તમારે શરણે આવ્યો છું. મારા ક્લેશોને–કષ્ટોને દૂર કરો. મારા જીવનમાં તમારા વગર અંધકાર વ્યાપી ગયો છે. મારા હૃદયની વીણા તમારા વગર વાગતી નથી. તો હે પ્રભુ ! કૃપા કરી તમારા દેવ–દુર્લભ દર્શનનું દાન દોને. મારી કોઈ યોગ્યતા નથી. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય છેક નથી પણ પ્રભુ ! આપ તો દીનદયાળ છે, કૃપા કરો દર્શન આપો..." જો પ્રાર્થના ન ફાવે તો આત્મવિચાર પણ કરી શકાય. અહમ્ બ્રહ્માસ્મિ, શિવોહમ્ શિવોહમ્, ચિદાનંદ રુપ શિવોહમ્ શિવોહમ્ હું બ્રહ્મ સ્વરૂપ છું, હું શિવ સ્વરૂપ છું, હું કલ્યાણ સ્વરૂપ છું, હું આનંદ સ્વરૂપ છું. વિગેરે વિગેરે.

ધ્યાન ખરેખર તો આંખ બંધ કરીને કરવું જોઇએ. પણ જો મન થાકી ગયું હોય, કંટાળો આવતો હોય, ઊંઘ આવતી હોય, તો આંખ ખોલી નાંખવી. જાગ્રત થઈ જવું. પણ જોજો આંખ પ્રભુને જોવા માટે ખુલ્લી રાખવાની છે. નહીં કે બીજાઓ શું કરે છે તે જોવા. ધ્યાન નાસિકાગ્રે કેન્દ્રિત કરી શકાય અથવા તો શરીરના ષટ્ચક્રો પર પણ, જેવી જેની રુચિ.

ધ્યાનની શરૂઆત પાંચવાર ૐ કારના ઉચ્ચાર સાથે કરાવામાં આવી. ધ્યાનમાં પ્રવેશી સૌએ વાતાવરણની દિવ્યતાનું પાન

કર્યું. રોજ કરતાં વધુ શાંતિ અને એકાગ્રતાનો અનુભવ કર્યો. સૌએ પોતપોતાની યોગ્યતા, પાત્રતા, આધ્યાત્મિક સ્થિતિ અનુસાર પ્રાપ્ત કર્યું.

મિલિટરીની તાલિમ પામેલ શ્રી. ભટ્ટસાહેબની શિસ્ત અને પૂ. માના સમયપાલનના આગ્રહથી શિબિરના સર્વ કાર્યક્રમો હંમેશ કરતાં વધુ સમયબદ્ધ રીતે ચાલી રહ્યા હતા એ આજના કાર્યક્રમનું વિશિષ્ટ પાસું હતું.

"પૂ.શ્રી છે જ"નું પુન ઉચ્ચારણ પૂ. માએ પોતાના બારથી સાડા બારના વક્તવ્યમાં કર્યું. પૂ.મા કહે પૂ. શ્રીનું શરીર શાંત થયા પછી અમારા જીવનમાં જ્યારે એકદમ શૂન્યાવકાશ વ્યાપી ગયેલો, દિશાઓ સૂઝતી ન હતી. નિરાશ થઈ ગયેલા ત્યારે ત્રીજે જ દિવસે પૂ.શ્રીએ દિવ્ય સ્વરૂપે દર્શન આપી તેમની સ્વર્ગીય સુધાસભર વાણીમાં કહેલું કે "હું છું જ. અહીં જ છું. હું ક્યાંય ગયો નથી." જેનાથી અમને પ્રશાંતિની પ્રાપ્તિ થયેલી, આજે પણ, આ ઉપવાસોને ૨૭૩ દિવસો થયા છતાં જાણે કે ત્રણ જ દિવસ થયા હોય એવું લાગે છે. હજી સવારથી અમે પાણી પણ નથી પીધું. (પૂ. માએ શિબિર પૂરી થઈ ત્યાં સુધી પાણી પીધું ન હતું.) છતાં કોઈ તકલીફ નથી અનુભવાતી. આ ઉપવાસો અમારી ઈચ્છાથી નથી ચાલતા. અમારી શક્તિ પણ નથી ઉપવાસ કરવાની. આ તો તેમની જ ઈચ્છાથી ચાલે છે. (પૂ. માના ઉપવાસ કેવી રીતે ચાલે છે અને નિર્ણયો કેવી રીતે લેવાય છે તે 'અધ્યાત્મ'ના ડિસેમ્બર–'૮૪ના અંકમાં કાયાવરોહણની યાત્રાનો લેખ વાંચવાથી જાણી શકાયું હશે.)

ભક્તોની સાચા દિલની ભાવનાને પૂ.શ્રી કેવી રીતે પૂર્ણ કરે છે તેની વાત કરતાં પૂ.મા કહે : મુંબઈના એક બેનની



ભાવના એવી કે તેમની પાસે ચાંદીના બે ગ્લાસ હતા. તો પૂ.શ્રી તેમાં દૂધ પીએ. પરંતુ સામાન્ય રીતે તે શક્ય ન હતું. પૂ.શ્રી જ્યાં ઉતર્યા હોય તે સિવાય બીજા કોઈના ઘરે પધરામણી કરતા નહિ અને કશું પણ લેતા નહિ. પણ જ્યારે દિવાળીના દિવસોમાં અમારે દક્ષિણ આફ્રિકા જવાનું થયું, તે વખતે એરપોર્ટ પર તે બેન દૂધ અને તે ગ્લાસ લેતાં આવેલાં. તે બેનની ખરાદિલની ભાવના હતી કે પૂ.શ્રી તેમાં દૂધ પીએ જ. પૂ.શ્રી ક્યારેય જાહેર સ્થળોમાં કશું પણ ન લેતા. પણ ભગવાનતો આખરે ભાવનાનો ભૂખ્યો છે. ભક્તોના પ્રેમ આગળ તે પણ ઝૂકી જાય છે. પૂ.શ્રીએ તે બેનની પ્રાર્થના સાંભળી અને એરપોર્ટ પરજ દૂધ પીધું.

પૂ.શ્રીનાં જ્યારે માર્ચ-૮૪માં મુંબઈમાં પ્રવચનો હતાં ત્યારે કાંદિવલી નામના નવા સ્થળમાં પણ પ્રવચનો ગોઠવાયેલાં. તેજ બેનની એવી પણ ભાવના હતી કે તેમની પાસેના ચાંદીના વાસણોમાં પૂ.શ્રી ભોજન કરે અને તેમની પાસેની ચાદરો પર પૂ.શ્રી બેસે. એ ભાવના પણ પૂ.શ્રીએ અનોખી રીતે પૂરી કરી. અમે કાંદિવલીના અમારા યજમાનને ત્યાં ૧૮મી માર્ચે સાંજે પહોંચ્યા, સત્સંગ થયો. પછી હું પૂ. શ્રીના રૂમમાં ગોઠવણ જોવા ગઈ. તો યજમાને પૂ.શ્રી લેખન કાર્ય કરે છે એવું જાણી ટેબલ અને ખુરશીની પણ વ્યવસ્થા કરેલી. પણ પૂ.શ્રી લેખન કાર્ય જમીન પર જ ગાદી પાથરી ખોળામાં એક–બે ઓશીકા લઈ કરતા. આથી અમે એક નાની ચાદર પાથરી. તેના પર પેલા બેનની ચાદર પાથરી. વિચાર્યું કે પૂ.શ્રી આના પર બેસીને લેખન કાર્ય તથા ધ્યાન કસરત વગેરે કરી શકશે. સાંજના ભોજન માટે તે બેનની ભાવના પ્રમાણે તેમના ચાંદીનાં વાસણનો જ ઉપયોગ કરી તે ભાવના પણ પૂર્ણ કરી. એટલું જ નહીં પણ પૂ.શ્રીનું શરીર

શાંત થયા પછી તેમના પાર્થિવ તનુને ઉતારા પર લાવવામાં આવ્યો ત્યારે તેમને તે જ પથારી પર સુવડાવવામાં આવ્યા. અને તે જ પથારી, પેલી ચાદર સાથે છેક તેમને અગ્નિસંસ્કાર આપવા માટે સ્મશાન ભૂમિમાં ચિતા પર સૂવડાવવામાં આવ્યા ત્યાં સુધી તે ત્યાં જ રહી. (પાસે જ પડેલા પૂ. શ્રીના અંતિમ ચરણોના ફોટામાં દેખાતી લીલા કલરની ચાદર તરફ પૂ. માએ અંગુલિ નિર્દેશ કર્યો.) શરીર શાંત થયા પછી પણ આ મહાપૂરુષે ભક્તની–તે બેનની ભાવનાને ખૂબ સારી રીતે પૂર્ણ સંતોષ થાય તે રીતે પૂર્ણ કરી. આ પ્રસંગ પૂ. માએ એટલા બધા ભાવપૂર્વક કહ્યો કે મુબઇનાં તે બેન–નીલાબેનની આંખો આંસુઓથી ઊભરાઈ ગઇ !

વળી પૂ. માએ અમદાવાદના એક બેનની પણ વાત કરી. હમણાં થોડા અઠવાડિયાં પહેલાં જ પૂ. મા જ્યારે અમદાવાદ હતાં ત્યારે એક બેન તેમની પાસે આવ્યાં. પૂ. શ્રીને હાર ચઢાવ્યો અને પેંડાનું બોક્સ મૂક્યું. પૂછતાં જણાયું કે તે દિવસે તે બેનની વર્ષગાંઠ હતી. પૂ. માને મનમાં થયું કે પૂ. શ્રી આજે હોત તો આ બેનને આજે ફૂલ આપત અને આશીર્વાદના શબ્દો કહેત. પૂ. શ્રી સ્થૂળ દેહે નહોતા. તેનું થોડુંક દુઃખ પૂ. માને થયું. એટલામાં જ તેમનાથી ચાર પાંચ ફૂટ દૂર એક ટેબલ હતું અને તેના પર પૂ. શ્રીનો એક ફોટો હતો. એ ફોટા પર ગુલાબનું ફૂલ સવારથી ચઢાવેલ હતું. તે પુષ્પ તુરત જ નીચે ગબડીને પૂ. મા જ્યાં બેઠાં હતાં તેની તદ્દન નજીક આવીને પડ્યું. પૂ. માએ તે બેનને તરત જ કહ્યું : "રેણુ, જો પૂ. શ્રીએ જ તને આ ફૂલ આપ્યું છે, પૂ. શ્રીની જ પ્રસાદી છે." આ પ્રસંગ પછી થોડા દિવસોમાં જ તે બેનને શારીરિક માંદગીને કારણે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી. ત્યારે પણ તે બેને શ્રદ્ધાથી



તે ફૂલ તેમના ઓશીકા નીચે પ્રસાદી તરીકે રહેવા દીધેલું. તે તેમને–તેમની માંદગીને ઝડપથી વિશેષ કોઈ મુશ્કેલી વગર સાજા કરવામાં ખૂબખૂબ મદદગાર થઇ પડેલું. એવું એ બહેનનું કહેવું હતું; આવું જ એકવાર વડોદરામાં બનેલું. અમેરિકાના એક બેન ભારત આવેલાં. એમને ત્યાં અમેરિકામાં સાન ફ્રાન્સિસકો નામના શહેરમાં પૂ. મા અને પૂ. શ્રી સાત દિવસ રહ્યાં હતાં તે આશાબેન ભક્તના માતા હવે ફરી અમેરિકા જવાનાં હતાં. એક દિવસ સુરત નવસારીથી ત્રણ પ્રેમી ભક્તો દર્શન–સત્સંગમાં વડોદરા આવ્યા. પૂછતાં જણાયું કે તે બેન બે દિવસ પછી જ અમેરિકા જવાનાં છે. પૂ. માને થયું કે પૂ. શ્રી હોત તો તે બેનને ગુલાબનું ફૂલ આપત અને કહેત કે વિમાનમાંથી ઉતરો ત્યાં સુધી આ ફૂલ સાથે રાખજો. રક્ષા કરશે. ખાસ કોઇ મુશ્કેલીઓ નહિ પડે. પૂ. માને ફરીવાર પૂ. શ્રીની સ્થૂળ ગેરહાજરીનું થોડુંક દુઃખ થયું. એટલામાં જ સૌના આશ્ચર્ય વચ્ચે પાસેના ટેબલ પર રાખેલા પુષ્પોમાંથી એક ગુલાબનું પુષ્પ પૂ. માના પગ પાસે આવીને પડ્યું. પૂ. માએ તે ફૂલ પ્રસાદ તરીકે તે બેનને મોકલાવ્યું. પાછળથી ખબર પડી કે તે બેનને અંગ્રેજી પણ બરાબર નહોતું આવડતું અને એકલાં હતાં. વળી ત્રણપ્લેન બદલીને ઘરે પહોંચવાનું હતું. છતાં ખૂબ સારી રીતે કોઈપણ પ્રકારની વિશેષ મુશ્કેલી વગર ઘરે પહોંચી ગયાં. પૂ. ગુરુદેવની કેવી અદ્ભુત કૃપા !

પૂ. માએ કહ્યું: પૂ. શ્રી કહેતા કે "હું પૂ. માતાજી (જ્યોતિર્મયી મા) અને તમારી (મા સર્વેશ્વરીની) આંખમાં આંસુઓ–દુઃખ જોઈ નથી શકતો." તે શબ્દો તેમણે મારે માટે શરીર છૂટ્યા પછી પણ સાચા પાડ્યા છે. મને જરાપણ દુઃખ થાય કે તરત જ એવો કોઈ પ્રસંગ કે અનુભવ આપે છે કે તુરત જ મન સ્વસ્થ થઇ જાય છે. આમ મનમાંનું

દુઃખ કે ‘પૂ. શ્રી હોત તો ફૂલ આપત’ તે સ્થૂળ ગેરહાજરીનું દુઃખ તેમણે જાણ્યું અને તુરત જ પ્રત્યુત્તર પ્રદાન કર્યો. હું કહું છું પૂ. શ્રી છે જ. એ ક્યાંય ગયા નથી. તેમની આ તસ્વીર ફક્ત કાગળનું ચિત્ર નથી, પણ ચિન્મય છે. પ્રાર્થનાના પોકારને સાંભળે છે. ભલે બોલતા દેખાતા નથી. પણ કામ આખી દુનિયાનું કરે છે.

આવા સુંદર ભાવવાહી શ્રદ્ધાભક્તિ સભર વક્તવ્યમાં ભોજનનો સમય ક્યારે થઇ ગયો તે કોઇને ખબર જ ન પડી. સુરતના દરેક સાધકોએ એક ટંકનું ભોજન–નાસ્તો પોતાની સાથે લાવ્યા હતા તે કર્યો. બહારગામથી આવનાર માટે ભોજનની વ્યવસ્થા શ્રી અશોકભાઇએ ખૂબ પ્રેમપૂર્વક કરેલી. સાથેસાથે સુરતના પૂ. મા અને પૂ. શ્રી પ્રત્યે ખૂબખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવનાર ભોળા નિખાલસ એવા શ્રી છગનભાઇ અને ચીમનભાઇ તરફથી બધા શિબીરાર્થીઓને હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો.

બરાબર બપોરે બે વાગ્યે સાંજની બેઠકનો પ્રારંભ “કાલ અવિનાશિની કાલી જય જય……’ની ધૂન સાથે થયો, અડધો કલાક ચંડીપાઠનું પઠન થયું. ત્યારબાદ અડધો કલાક વડોદરાથી આવેલા શ્રીશ્યામભાઇએ વિવિધ પ્રકારની ધૂન ગવડાવી વાતાવરણને ગૂજતું કરી દીધું, ત્યારબાદ પૂ. માએ પૂ. શ્રીની વિદાય પછી સૌ પ્રથમવાર ચાર–પાંચ મહિના પછી રચાયેલ દોહા જેવું પદ્ય કે જેમાં પૂ શ્રીની અંતિમ વિદાયની અવસ્થા, પૂ.શ્રીને તેમનો ભક્ત–ચાહક વર્ગ કઈ કઈ રીતે જોતો તે બધુ આવરી લેતી થોડી પંક્તિઓ ગાઈ સંભળાવી. ત્યારબાદ અડધો કલાક ધ્યાન થયું. સાડાત્રણથી ચારના સમય દરમ્યાન શ્રી ભટ્ટસાહેબ, શ્રી જશભાઈ (વડોદરા) શ્રી ભરતભાઈ ત્રિવેદી



મુંબઇ), શ્રી વીનુભાઈ અમીન (વડોદરા) અને તૃપ્તિબેન વૈદ્ય (સુરત) એ પોતાના સાધનાત્મક જીવનની છોડી વાતો કરી. શ્રી. ચીમનભાઇએ પણ એક સુંદર ભજન ગાયું. પૂ. માએ શિબિર કરવા બદલ સુરતના સંચાલકોનો શિબિરમાં ભાગ લેવા બદલ, સુરત ઉપરાંત વિદ્યાનગર, વડોદરા, ભરૂચ, નેત્રંગ, નનસાડ, કપુરા, નવસારી, વલસાડ અને મુંબઇથી પધારેલ આશરે ૧૧૫ જેટલા સાધકોનો આભાર માન્યો અને ભવિષ્યમાં જ્યારે પણ આવા કાર્યક્રમો થાય ત્યારે સહકાર મળી રહેશે. એવી શ્રદ્ધા વ્યક્ત કરી. બહારગામના સાધકોને પોકનો પ્રસાદ પણ આપો.

પૂ. માએ આશીર્વચનો આપ્યા અને નવરાત્રીના ઉપવાસો દરમ્યાન કપુરામાં પૂ. માએ પૂ. શ્રીની બનાવેલ નવી આરતી ‘જય જય જય ગુરુદેવની શક્તિ વંદુ પુનિત પ્રભાતે……’ ગવડાવી. સાંજે લગભગ સાડા ચારે શિબિરની પૂર્ણાહુતિ કરી, પૂ. શ્રી છે જ એવી સજીવ શ્રદ્ધા સાથે શિબિરાર્થીઓ વિખેરાયા. હરિ ૐ

અંબાજી ખાતેના વિશ્રામગૃહનું બાંધકામ ચાલુ થઇ ગયું છે. પ્રારંભની થોડી મુશ્કેલીઓ પછી હવે કામમાં પ્રગતિ થતી રહી છે. પ્લીન્થ સુધીનું કામ પૂરૂં થયું છે.

# કર્મ અને ફળ

હરીશ વરાવવાળા

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં આપણને એવો માર્ગ બતાવ્યો છે કે એ માર્ગે જનાર કર્મ કરવા છતાં, માણસ કર્મબંધનથી મુક્ત રહી શકે છે અપરાધ કરે તે જેલમાં જાય છે, અપરાધ ન કરે તેને જેલમાં જવાનું થતું નથી, પણ કર્મોનું બંધન તેના કરતાં પણ વિશિષ્ટ અને વિચિત્ર હોય છે. પાપકર્મ કરનાર તેની સજા ભોગવે એતો સમજી શકાય તેમ છે, પણ પુણ્યકર્મો પણ બંધનમાં નાંખે છે. એટલે કે એનાં ફળ ભોગવવા માટે પણ જન્મ મરણના ચકકરમાં ફસાવું પડે છે. નાનકડા શરીરમાં જીવાત્માને રહેવું પડે છે. ભૂખ, તરસ, શરદી, ગરમી જેવા અનેક અનુભવો કરવા પડે છે. જો કર્મોના મૂળમાં સાંસારિક વાસના ન રાખીએ તો આ દશા થાય નહિ. એટલા માટેજ ભગવાને કહ્યું છે. 'कृपणाः फल हेतवः। ફળની ઇચ્છા રાખનારા કૃપણ છે. જે આશા રાખી કામ કરે તે હીન છે. જો સેવા કર્યા પછી આશા રાખે તો આપનાર અને લેનાર બંને ભિખારી છે. ભાગવતમાં પણ આપણે જોઇએ છીએ કે ભગવાનથી મોટું કોઈ નથી, તેમ છતાં બલિના દરબારમાં માગવા ગયા તો તેમને પણ વામન બનવું પડયું છે. એટલે ભગવાન પણ આશા રાખીને માગે તેમને પણ નાના બનવું પડે છે. માગવાની ભાવના આપણને નાના બનાવે છે. કોઈ પણ કર્મ ગમે તેટલું સારું હોય કે પુણ્યકર્મ હોય, પણ તેના મૂળમાં માગવાની ભાવના હોય તો તે હીન જ બનાવે છે.

એટલે નિષ્કામ ભાવનાથી કરેલું કામ અને સાંસારિક ભાવનાથી કરેલું કામ તે બેની વચ્ચે આસમાન જમીનનો



તફાવત છે. એક અત્યંત ઊંચુ છે તો બીજું ઘણું જ નીચું છે. સકામ અને નિષ્કામ કર્મમાં ઘણું મોટું અંતર છે. ભક્તિ, માળા, જપ આદિ સાંસારિક વાસનાથી કરીએ તો તે હીન છે પણ નિષ્કામ ભાવનાથી કરીએ તો ભગવાન આપણી પાછળ પાછળ ફરે છે. આપનાર માગનારનો તિરસ્કાર કરે છે. પણ સેવા કરવાની ઇચ્છા બતાવનારનો તો સત્કાર કરે છે. કોઇને આપી ન શકીએ તો કંઈ નહિ, પણ ભીખ માગનાર તો ન જ બનીએ, ભગવાન પાસે પણ નહિ. ભાગવતમાં આ સંદર્ભમાં જ્ઞાની ભક્ત પ્રહ્લાદની વાત બરાબર ધ્યાનમાં રાખવાની છે. ભગવાન એને વરદાન માંગવાનું કહે છે ત્યારે તે કહે છે કે, "હે ભગવાન ! બીજાઓને માંગવાનું કહેવાની આપની આ ટેવ સારી નથી. આથી હું કાંઈ માગવાનો નથી." કોઇને એમ લાગે કે આતો ભગવાનનું ભારે અપમાન થયું. ભગવાન પ્રત્યે તો સામાન્ય રીતે આદર અને શ્રદ્ધા હોય છે, તો ભક્ત ભગવાનનું અપમાન કરે ખરો ? ઉલટું એમ લાગે છે કે માગવાનું કહીને ભગવાન ભક્તનું અપમાન કરે છે. કેમકે પ્રહ્લાદજી તો કહે છે કે, "અમે સંસારી જીવ છીએ, કામનાઓથી જ સંસારના ચકકરમાં ફસાયા છીએ, આપની ભક્તિ કરી એવી કામનાઓ કે વાસનાઓને દબાવવાનો પ્રયત્ન કરીએ છીએ, તેમાં વળી તમે માગવાનું કહો છો તો તો અમારી દબાયેલી વાસનાઓ ફરીને જાગી જ ઊઠે ને ! અને એ વાસનાઓ જાગી ઊઠે તો અમે વળી પાછા સંસારના ચકકરમાં પડીએ. વાસનાથી બચવા માટે આપના ચરણોનો આશ્રય લીધો અને આપ તો વળી માગવાનું કહો છો !" આ રીતે પ્રહ્લાદજીની વાતમાં ઊંડું રહસ્ય છે, છતાં એમણે માગ્યું ખરું, પણ માગ્યું તે એ કે સાંસારિક વાસના માગવાની ઇચ્છા પેદા જ ન થાય.

સંસારમાં સંસારવૃક્ષની જડ સાંસારિક વાસના છે; અને આ વાસનાની પૂર્તિ માટે યજ્ઞ, જપ, તપ, હવન કે અન્ય પુણ્યકર્મો કરીએ છીએ. આ તો સંસારવૃક્ષને પાણી સિંચવા જેવું થયું, માણસો જે જે કર્મો કરે છે તે કામનાથી પ્રેરિત થઈને કરે છે. જેમ કરોળિયો જાળું ગુંથવામાં પડ્યો છે, તેમ માણસ પણ પોતાની આસપાસ કર્મની ફાંસી તૈયાર કરવાના ધંધામાં પડ્યો છે. રોજ રોજ બંધનમાંથી મુક્ત થવાની વાતો તે કરે છે, પણ મુક્ત થઈ શકતો નથી, તેનું કારણ આ છે.

હૃદયને નિષ્કામ બનાવો અને પછી કર્મ કરો તો તે કર્મ જ અત્યંત પવિત્ર બની જાય છે. અને ગીતા તો એમ પણ કહે છે કે હૃદયની શુદ્ધિ નિષ્કામ કર્મથી થાય છે, એમ નિષ્કામ કર્મનું ઘણું મહત્વ છે.

ભગવાન કહે છે કે, કર્મ બંધનનું કારણ છે. યુદ્ધ હોય કે બીજું કોઈ કર્મ હોય તે બંધનનું કારણ છે. ખરાબ કર્મથી પાપ થાય કે સત્કર્મથી પુણ્ય થાય. આ બેઉથી જન્મ પ્રાપ્ત થાય છે અને સારા કે ખરાબ કર્મનું ફળ ભોગવવુંજ પડે છે. એટલે કર્મથી બંધન અને જ્ઞાનથી મુક્તિ થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. જેને મુક્તિની કે આત્મકલ્યાણની ઈચ્છા છે તે તો કર્મ ન કરે.

કર્મ કરનારના હૃદયમાં કર્મ કરવાનું પ્રયોજન શું છે? કર્મ પાછળની ભાવના શી છે? તે જોવું જોઇએ. કર્મ ભાવનાથી પ્રેરિત છે અને ભાવનાને અનુકૂળ ફળ મળતું હોય છે. કર્મનું ફળ આપનાર તો પ્રભુ છે, તે અંતરયામી છે. આપણે કઈ ભાવનાથી કયું કર્મ કરીએ છીએ તે જુએ છે, અને તેને અનુકૂળ



ફળ આપે છે. જો કર્મ પાપની ભાવનાથી પ્રેરિત હોય તો તે પાંપ છે અને તેનું તેવું ફળ મળે. તે ઉપરાંત નિષ્કામ કર્મ એટલે કે નિષ્કામ ભાવનાથી કર્મ કરે તો ફળ આપોઆપ છૂટી જાય છે. એ રીતે કરેલું પુણ્ય કર્મ એની પાછળ કોઈ કામના નહિ હોવાથી કેવી રીતે બંધનમાં નાંખે! આપણે તો બધાં કર્મો કામનાથી કરીએ છીએ. ખરેખર ભગવાન પિતા છે. આપણે સૌ તેના સંતાન છીએ, એટલે ભક્તિ કરવી, પૂજા કરવી, તે પ્રસન્ન થાય તેવાં સત્કર્મ કરવાં તે આપણી ફરજ છે. પણ ઈચ્છા રાખ્યા વગર કર્મ કરે તેવા લોક સંસારમાં બહુ ઓછા હોય છે. લોકો સેવા તો કરે છે પણ એમાં લોભ, લાલચ કરે છે. કાંઈક મળવાનો સંભવ હોય તોજ કાંઇક કરે છે. એ ન હોય તો કાંઈજ કરતા નથી. કેટલાક લોકો એવા હોય છે જે લોકકલ્યાણની ભાવનાથી કર્મ કરે છે. એવા લોકો ભગવાન વરદાન આપે તો પણ આ સંસારમાં બધાં સુખી થાય, કોઇ રોગી ન હોય, બધાનું ભલું થાય, કલ્યાણ થાય એવું માંગે છે. આપણને પણ જ્યારે ભગવાન મળે અને માગવાનું કહે ત્યારે પોતાનેજ માટે માગીએ તો ભગવાન માનશે કે આપણે સંકુચિત હૃદયના છીએ. માટે આપણે પણ લોકકલ્યાણની ભાવનાથીજ માગવું જોઈએ.

જેમ કર્મ બંવનનું કારણ છે, તેમ એ મુક્તિનું પણ કારણ બને છે. તેનો આધાર કર્મ કરનારની બુદ્ધિમત્તા પર છે. જેનામાં સાંસારિક વાસના હોય છે તે કર્મ કરશે તો વાસના પૂર્તિમાટે કરશે, પણ કર્મયોગી કર્મ કરશે તે તેનાથી જુદી જ રીતે કરશે. ભોગી એક રીતે કર્મ કરે છે, તો યોગી બીજી જ રીતે કર્મ કરે છે. કર્મયોગી શબ્દમાં કર્મ અને યોગ બંનેનો સંબંધ બતાવેલો છે. તે સંબંધ શું છે? બંધનના કારણરૂપ કર્મોને જે આત્મકલ્યાણનું સાધન બનાવે

તે કર્મયોગી. આ શી રીતે થાય ? તેનો જવાબ છે. યોગીની બુદ્ધિમત્તાથી ભગવાને પણ કહ્યું છે કે, "योगः कर्मसु कौशलम् । કર્મમાં કુશળતા તે યોગ. દુનિયામાં કુશળ કોણ ? બુદ્ધિમાન કોણ ? આપણે જીવનમાં કર્મની દોરી ગુંથીએ છીએ, એ દોરી જ ફાંસી બને છે. એ કર્મ ભોગવવાં પડે છે. એવાં કર્મ કરવાં જ શા માટે ? જેનાથી જન્મમરણના ચક્કરમાં પડીએ એવાં કર્મ કરીએ તો તો આપણે અજ્ઞાની અને બુદ્ધિહીન છીએ. કર્મો તો એવાં કરવાં જોઇએ કે આપણી પરતંત્રતાનો નાશ થાય અને સ્વતંત્રતા કાયમ રહે. કોઈ કહેશે કે તો તો કર્મ કરીએ જ નહિ તો શું ખોટું ?

આ શકય જ નથી. કોઇ પણ માણસ એકક્ષણને માટે કર્મ કર્યા સિવાય રહી શકતો નથી, ભગવાન તો કહે છે કે આદમી કર્મ કરતો નથી, પણ તેની પાસે કર્મ કરાવવામાં આવે છે. તેની પ્રેરણા એના હૃદયમાં જ રહેલી છે. એના હૃદયમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણો રહેલા છે અને તે પ્રમાણે કર્મ કરે છે. અને કર્મ પ્રમાણે ફળની પ્રાપ્તિ થાય છે.

---

### વોલક્લોકની ભેટ

મોરબીના ભાવિક ભક્ત શ્રી હેમુભાઇ કોટેચા તરફથી વિશ્રામગૃહ માટે એક સુંદર **વોલક્લોકની** (દિવાલ ઉપરનાં ઘડિયાળની) ભેટ મળી છે. શ્રી કોટેચાભાઇને અભિનંદન. પૂ.માના મોરબી નિવાસ દરમ્યાન, આ ભાઈ દરરોજ એક એક નવી જાતનું ઘડિયાળ પૂ.માના ઉતારા ઉપર પોતાની દુકાનમાંથી આપતા.



# મોરબીની સત્સંગ સરિતા

સત્સંગી

પૂ. માશ્રી સર્વેશ્વરી મોરબીના પ્રેમી સાધક ભાઇબહેનોના આગ્રહ ને આમંત્રણને અનુલક્ષી તા. ૭–૧૧ ના રોજ ત્યાં પધાર્યાં.

મોરબીની જનતા વર્ષોથી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રત્યે પ્રેમ ને શ્રદ્ધા ભક્તિ રાખતી. એથી પૂ. શ્રીના લીલાસંવરણ પછી પૂ. માએ જાહેરમાં પહેલીજવાર મોરબીમાં પૂ. શ્રીની આજ્ઞા પ્રમાણે સત્સંગની બેઠકો પ્રયોજી.

પૂ. માનો ઉતારો પણ 'રામનિવાસ'માં. સુંદર એકાંત સુવિધાવાળું રહેઠાણ. વળી સોનામાં સુગંધની જેમ એની બીજા માળ પરની મોટી અગાસી. એ પૂ. માના વીસ દિવસના સત્સંગથી પાવન બની ગઈ. એનું વાતાવરણ વિશુદ્ધ ને પવિત્ર પ્રભુપ્રેમનાં પરમાણુઓથી સભર થઇ ગયું.

એ અગાસી એટલે બસો અઢીસો ભાઇબહેનો સરસ રીતે સુખપૂર્વક બેસી શકે એવી વિશાળ જગા.

સાંજના સાડા છ થતાંજ મોરબીનાં ભાવિક ભાઇબહેનો પોતપોતાનું કામ છોડી સત્સંગના સ્થાને સમયસર સરસરીતે ગોઠવાઈ જતાં. સંગીતના સાજ સાથે સુંદર અવાજે ભગવાનની ધૂનનો ધ્વનિ ધરતી અને આકાશનાં વાતાવરણને ભરી દેતો. લોકો એ ધૂન પ્રેમપૂર્વક ઝીલતા ને તલ્લીન બની આનંદમગ્ન બની જતાં.

પૂ. માનું વ્રત તો હજી એકધારૂં ચાલુજ હતું. કદીક પાણી, તો કદીક નાળિયેરનું પાણી. પરંતુ પૂ. મા અપવાદ સિવાય,

સમયસર આવી જતાં ને કદીક ધૂન ગવરાવવા લાગતાં, તો કદીક ધૂન પૂરી થતાં, પૂ. શ્રીના જીવનની રોજનીશીના થોડાં પાનાં વાંચતાં. વળી કદીક એ પાનામાં આલેખાયેલ પ્રસંગને વધારે વિસ્તારથી સમજાવતાં, તો કદીક પોતાની સાધનાના અનુભવોની રસલહાણ પીરસી દેતાં.

શ્રોતાઓ મોટેભાગે આ સત્સંગમાં એવા તો રસલીન બનતા કે સમયનું ભાન સહુ ભૂલી જતા ને સત્સંગની બેઠક કદીક બે કલાકે પૂરી થતી તોપણ કોઈપણ કચવાટ વગર શાંતિપૂર્વક એનો આનંદ માણી લેતા.

વળી પૂ. શ્રીના જીવનને અનુલક્ષીને બહારથી આવનાર આગંતુકોને પ્રસંગો કે વાતો કહેવાનો પૂ. મા આદેશ આપતાં. આ રીતે સહુ સાધક ભાઈ બહેનોને પૂ. શ્રીના જીવનનાં વિવિધ પાસાં અને સાધનાત્મક જીવનની વાતો સાંભળવા મળતી. શ્રોતાઓ એ પ્રસન્નતાપૂર્વક સાંભળતા.

પૂ. શ્રીનું ટેપ પ્રવચન પણ રોજ મૂકવામાં આવતું ત્યારે પૂ.શ્રીના અવાજથી આખું વાતાવરણ જીવંત બની જતું. પૂ. શ્રીની સૂક્ષ્મ ઉપસ્થિતિ પણ સાધકો અનુભવી રહેતા. વળી પૂ.માના સમગ્ર વ્યહવાર, વાણીને વર્તનમાં પૂ.શ્રીની જીવંતતાની પ્રતીતિ સાધકોને થયાં કરતી. પૂ.મા એટલે ક્ષણે ક્ષણે જાગૃત એવાં પૂ. ગુરુદેવને સર્વસમર્પિત મહાતપસ્વિની સાધવી.

પૂ. મા કદીક ભજનથી તો કદીક ધૂનથી સત્સંગની સમાપ્તિ કરતાં.

સત્સંગને અંતે રોજ પ્રસાદ અવશ્ય વહેંચાતો. ભાવિકો જુદો જુદો પ્રસાદ રોજરોજ લાવતા.



મોરબીમાં સત્સંગની આ સરિતાને લાવવામાં મહત્વનો ભાગ ભજવનાર સાધકોમાં અગ્રેસર શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી ગોરધનભાઈ કલોલા, શ્રી સુખલાલભાઇ પૂજારા, શ્રી પ્રભુભાઈ હળવદિયા, ઉપરાંત બીજા અને સત્સંગપ્રેમી નાના મોટા ભાઇ બહેનોનો સહિયારો પુરુષાર્થ. સહુને અભિનંદન.

આચાર્ય શ્રી રજબભાઈ અને વિજયાબેન જાનીએ પણ આ વખતના સત્સંગમાં પોતાના અમૂલ્ય ફાળાની અદ્‌ભુત સુગંધ પૂરી. પરિણામે પૂ. માએ એમની શાળામાં જઈ, ત્યાંની બાળાઓ અને શિક્ષકોને સરસ રીતે સંબોધી, કૃતાર્થ કર્યાં. સંતો કદી માથે દેવું રાખતા નથી.

તા. ૧૮ મી નવેમ્બરે મોરબીના સાધકભાઈ બહેનોએ શંકર આશ્રમમાં, પૂ.શ્રીના લીલાસંવરણ નિમિત્તે સુંદરકાડના સમૂહપાઠનો કાર્યક્રમ યોજયો. આ કાર્યક્રમમાં લગભગ સાડાત્રણસો ભાઇ બહેનોએ ભાગ લઇ એને દીપાવ્યો.

પ. પૂ.મા સર્વેશ્વરીએ ત્રણ કલાક સુધી એકધારૂ સમૂહપઠન ને પ્રવચન કર્યું. તે દિવસે પૂ. માએ આખા દિવસથી પાણી પણ લીધું ન હતું, છતાં તેઓના અવાજમાં જે શક્તિ ને જોમ વરતાતાં હતાં, તે એમના શક્તિ સ્વરૂપની પ્રતીતિ કરાવનારાં લાગતાં હતાં. પૂ. માએ આ પ્રસંગે પોતાના સાધનાત્મક અનુભવો પણ શ્રોતાઓને કહ્યા.

આખો કાર્યક્રમ સરસ રીતે પૂર્ણ થયો.

## વાણીને

વિરમ, વિરમો વાણી રાણી! પ્રલાપ વૃથા કશા!
અભિમત તમે પોતાને જે કહી શકતાં ખરે?

ગણિત ગણતાં સ્વાર્થે, ભીતિ, હીણી અસૂયા અરે!
વણઅરથનાં ફીકાં ખાંડો, લીલા તવ સો વસા!
વિરમ, વિરમો વાણી શાણી! દલીલપટુ અતિ,
નિજવડપણે રાચે, વાદે ભ્રમિત મતિ ગતિ!

સમય પર લોચાતી! કાળે અશુભ કશી ચગે!
ઋજુ હૃદયના વ્હેવા ટાણે શિથિલ બને રગે.
વિરમ, વિરમો વાણી જાણી અદા અદકી ખરે,
રત રત સમે ધારા જેવી, પ્રસાદ ઉરે ભરે.

અનુભવ અસિધારા જેવો કટાક્ષ–કઠોરતા,
હૃદય વિભવે કુણ્ઠા, ઘૃણા–પ્રપાત થતા છતા.
વિરમ, વિરમો! શક્તિરૂપા, લીલા પ્રગટો શમે,
પ્રગટ પ્રભુતા, માંગલ્યોની કલા પદ શું અમે?

ડૉ. રણજિત પટેલ (અનામી)

*



## સદ્દગુરુ મારા

ભોમિયા, ભેરૂ ને તારણહાર ગુરૂજી મારા (૨)

ભવરણમાં અમે બહુબહુ ભટક્યાં ને
એળે ગયાં આયખાં અપાર,
શુભ ઘડીયે અમને સદ્દગુરુ મળીયા ને
મળી શાંતિ અપરંપાર. ગુરુજી મારાં.

અંતરે અકળામણ બહુ બહુ થાતી
માથે કૈંક ભર્યાં કરમના ભાર,
નેહે ઉતરાવ્યાં કરમ–પોટલાંને
આપી શિવ–જપનો આધાર. ગુરુજી મારાં.

બુદ્ધિ ગુમાનમાં ભરતાં બાથોડાં
ભટકતાં અંધારે અગાધ,
સ્નેહે પ્રકટાવ્યો શબ્દ દિવડો
ઝળહળ હૈયા મોઝાર. ગુરુજી મારાં.

'સુલભ'ના સદ્દગુરુ શિવ–યોગેશ્વર
વહે આપની કરૂણાધાર,
પકડી બાંય તમે છોડશો ના સદ્દગુરુ
પ્રેમે ઉતારો ભવપાર. ગુરુજી મારાં.

સૂર્યકાંત ભટ્ટ

# ચેતન પૂજા

ભૂપતરાય મો. ઠાકર

ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાએ 'સમદૃષ્ટિને સર્વ સમાન' કહીને, સમસ્ત જીવ સૃષ્ટિ તરફ સમભાવ અને સદ્ભાવ રાખવાનો સંદેશો પાઠવ્યો છે. જીવ માત્રની, દરેક જીવનની પૂજાને 'ચેતન પૂજા' કહેવામાં આવે છે. જીવને શિવ માનનારા જ સાચા ઉપાસકો–આરાધકો છે. સૌ જીવ માટે ઉપકારક થવું, સૌ જીવને સંતોષવા, સૌ પ્રત્યે સ્નેહભાવ રાખવો એ ચેતન પૂજાની વિધિ છે.

આર્યો વૃક્ષોનીય પૂજા કરતા, વૃક્ષારોપણ કરતા હતા તેના આજેય ઉદાહરણો મળી આવે છે. વડ, પીપળો, ઉમરો, જેવા વૃક્ષોને ઉછેરતા–પૂજતા. વૃક્ષોને આયુષ્ય વર્ધક તત્ત્વો (ઔષધ) તરીકે સ્વીકારતા. ભારતની આર્યનારી વૃક્ષોની પૂજા–સેવા દ્વારા પોતાના સૌભાગ્યનું જીવન–બળ મેળવતી, પોતાના પૂર્વજોને તર્પણ કરતી. પીપળાના પાનમાં ઈશ્વરનું શયન નિવાસ છે–वटस्य पत्रस्य पूटे शयानम्, बालमुकुन्दम मनसा स्मरामि । કહેવાયું છે. વૃક્ષો પોષક તત્ત્વો રહ્યાં છે. આર્યો ચેતન પૂજાને આરાધતા.

ગાયને પશુની પ્રતિનિધિ સમજીને, ગાયના માનવ પરના ઉપકાર–ઋણને ધ્યાનમાં લઈને, શ્રીકૃષ્ણે 'ગોવિંદ' કે 'ગોપાલ' નામને સહર્ષ સ્વીકાર્યાં. ગોવાળો અને ગોપકન્યાને સંતોષ્યા. કૃષ્ણે ચેતન પૂજાનું ગૌરવ વધાર્યું. બળદ, ગાય, કૂતરો, ઘોડો આજે પણ માનવીના વફાદાર સેવકો છે. માનવીએ તેઓને મમત્વ આપ્યું છે. ગાયને તો 'માતા'નું બિરૂદ અપાયું છે.



રામે સામાન્યમાં સામાન્ય માનવીઓને મહત્ત્વ આપી માનવ પ્રેમનું ગૌરવ કર્યું છે. શબરી, સુગ્રીવ, હનુમાન, ગુહ, જટાયુ, જેવા નિમ્ન કક્ષાના માનવી તરફ પણ સમભાવ અને સદ્ભાવ દર્શાવ્યા છે. સેવા, સહકાર અને સંતોષ આપ્યા. રામ પર્ણકુટિના પરમેશ્વર છે, શ્રમિકોના સાથી છે. રામે સૌને પોતીકા બનાવ્યા છે. સૌને સ્વીકાર્યા છે.

રોહિદાસ, ચંડીદાસ, કબીર, રૈદાસ, સુરદાસ જેવા સંતોએ પણ ચેતન સ્વરૂપને આદર આપ્યો છે. તુલસીદાસે તો 'ગરીબની હાય'ને લુહારની ધમણથી તીવ્ર ગણી છે. દરેક માણસ ઈશ્વર સ્વરૂપ છે. 'सबसे मिलिये धाय, न जाने किस रुपमें नारायण मिलिजाय । ઈશ્વરમય સંસાર બતાવ્યો છે. કબીરે પણ કહ્યું कबीर कहत कमाल को, दो बाता शीख ले, कर सबको बदगी भूखा को कुछ दे । ગાંધીજી એ પણ 'માનવ માત્ર સમાન' કહીને ચેતન પૂજાનું મહત્વ બતાવ્યું છે. તુલસીદાસ તો सियाराम मय सब जग जानि । કહ્યું છે.

ભગવાન ઇશુ અને મહમદ પયગંબર સાહેબે પણ 'માનવ સેવા એજ ઈશ્વર સેવા' છે એમ કહ્યું છે. ભગવાન બુદ્ધ અને મહાવીરે 'પ્રાણી માત્ર તરફ સદ્ભાવ' રાખવાનું શીખવ્યું છે. નાનામાં નાના જીવની પણ હિંસા ન થાય તે માટે સાવધ રહેવાનો સંદેશો–ઉપદેશ પાઠવ્યો છે.

આપણા સંતો, ભક્તો, યોગીઓ, સન્યાસીઓ, પયગંબરો અને કવિઓએ સમસ્ત સૃષ્ટિના જીવો પ્રત્યે લાગણી અને મમતા રાખવાનું ગાયું–સમજાવ્યું છે.

માતા–પિતાની સેવા પૂજા સૌ પ્રથમ આપણા આદિદેવ આદિ પુરુષ ગણેશજીએ પ્રદક્ષિણા દ્વારા કરી. શ્રવણકુમારે માતા પિતાને તીર્થ યાત્રા કરાવીને સેવાનું સ્થાન અને નામ ચમકાવ્યા. કવિ કાલિદાસે 'जगतः पितरौ वंदे । કહ્યું.

શંકરાચાર્ય મહારાજે 'મા'ના ગુણગાન ગાઈને ચેતન બ્રહ્મની આરાધના કરી.

ચેતન પૂજા અને માનસ પૂજા મહાન છે. ચેતનપૂજા સમજવી સહેલી કિન્તુ ઉપાસના કઠિન છે. 'જીવ માત્ર તરફ સદ્ભાવના' આ પૂજાનું સૂત્ર છે.

સંત સેવા, પશુપ્રેમ, અતિથિ સન્માન, પ્રાણી પ્રેમ, દીલમાં દયા, મનમાં મમતા–ચેતન પૂજાનાં અંગો છે. 'આત્મા એજ પરમાત્મા' એમ સૌ સંતોએ કહ્યું છે.

પ્રકૃતિ પૂજાને પણ વેદોમાં સ્થાન છે.

પ્રત્યેક કવિ, કલાકાર અને ભક્ત–રેખાંકન, શબ્દાંકન શિલ્પાંકન દ્વારા સભાનતા કે અભાનતામાં ચેતનપૂજા કરે છે. યુદ્ધ અને હિંસા એ ચેતનપૂજા સામેનો બળવો છે. માનવી જ્યાં સુધી વ્યક્તિ અને સમષ્ટિનું ભલું ચાહશે ત્યાં સુધી 'ચેતન પૂજા' અચલ રહેશે.

( ટાઇટલ ૨નું ચાલુ )

૧૦૧ શ્રી પાર્વતીબેન પ્રભુભાઈ ભક્ત, સ્યાદલા.
૧૦૧ સુરતનાં એક સાધકબેન તરફથી.
૧૦૧ શ્રી મોહનલાલ એમ. વ્યાસ, મુંબઈ.
૧૦૧ ,, રસિકલાલ જેકીસનદાસ બારડોલીયા, સુરત.
૧૦૧ ,, મણિબેન મોરારભાઈ ભક્ત, કપુરા.
૬૫ ,, નર્મદાબેન વ્રજલાલ વીરાણી, મોરબી.
૫૧ ,, ગોરધનભાઈ પ્રજાપતિ, સુરત.
૨૧ ,, શાન્તાબેન ફત્તેગંજ.



# મન

—મંગળભાઈ પંચાલ

“ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવત્ દૃઢમ્ ।
“તસ્યાડહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥ ગીતા ૬–૪ ॥

“હે કૃષ્ણ ! મન ચંચળ, વિહ્વળ કરનાર, બળવાન અને દૃઢ છે. તેનો નિગ્રહ વાયુની પેઠે હું અતિ દુષ્કર માનું છું.”

સમગ્ર માનવોના પ્રતિનિધિ એવા અર્જુને માનવજાત માટે સળગતો પ્રશ્ન ભગવાન આગળ ધર્યો. અર્જુન એક અસામાન્ય વીર પુરુષ હતો. તેણે કેટલાંય યુદ્ધો જીત્યાં હતાં, પરંતુ તે આ નાના એવા મનને જીતી શક્યો ન હતો. એટલે તેને બહુ સુંદર વાત કરી કે ભગવાન, આ મન ખુબ ચંચળ જણાય છે. જેમ વાયુને બાંધ્યે બંધાતો નથી, તેમ આ મન પણ વશ થઈ શકે તેમ લાગતું નથી.

આ આખાયે જગતના કોઈપણ માનવીને પૂછીશું કે ભાઇ, તારૂં મન તારે વશ છે ? તે લાચારીપૂર્વક 'ના' જણાવશે. લાખો મનુષ્યો પર શાસન કરનાર શાસક પણ પોતાના મન પર શાસન નથી કરી શકતો. તેની આગળ તો તે સેવક જ બની જાય છે. હા, પરમાત્માની દૈવી પ્રકૃતિને આધિન મોહરહિત મહાત્માઓએ અવશ્ય આ મનને વશ કરેલું હોય છે. તેઓને વિકલ્પરૂપે આપણે બાજુએ રાખીએ. પણ સામાન્ય માનવો માટે તો આ પ્રશ્ન મોં ફાડીને ઉભો જ રહે છે.

અર્જુનના પ્રશ્નનો જવાબ આપતાં ભગવાને જણાવ્યું કે “હે અર્જુન, તું કહે છે તે સાચું હોવા છતાં અભ્યાસ અને વૈરાગ્યથી તેને વશ કરી શકાય છે.” હવે સામાન્ય માનવોને

આ અભ્યાસ અને વૈરાગ્યના સ્વરૂપની ખબર હોતી જ નથી. તેઓ તો સુકાં પાંદડાંને પવન જે તરફ ઘસડી જાય ત્યાં જાય છે તેજ પ્રમાણે આ માનવીઓ મનમાં ઉઠતા તરંગોની દિશામાં ઘસડાયે જ જાય છે. તેઓ ઘડીકમાં આનંદકિલ્લોલ કરતા જોવામાં આવે છે તો બીજીજ ઘડીએ દુઃખની ગર્તામાં ડૂબી ગયેલા જણાય છે અને સુખની શોધમાં આમતેમ ભટકીયાં મારતા જણાય છે. છેક મૃત્યુ સુધી તેઓની આજ હાલત હોય છે.

આપણે બધાને મનનો અનુભવ છે. મનમાંથી ઉદ્ભવતાં જુદાં જુદાં સંવેદનો, જેમકે પ્રસન્નતા, શાંતિ, પ્રેમ, ક્રોધ, દયા, કરૂણા વગેરેને અનુભવીએ છીએ, પરંતુ આ બધાં સંવેદનોનું ઉત્પત્તિસ્થાન જે મન છે તેને આપણે યથાર્થરૂપે સમજી શકતા નથી. પ્રથમ આપણે મનનું ઉત્પત્તિસ્થાન ક્યાં છે તે જોઇએ.

## મનની ઉત્પત્તિ

સાંખ્ય દર્શન મનની ઉત્પત્તિ પર પ્રકાશ પાડે છે. સાંખ્ય દર્શન પ્રમાણે સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ પચીશ તત્ત્વોમાંથી થઈ છે :

"સત્વરજસ્તમસાં સામ્યાવસ્થા પ્રકૃતિ :
"પ્રકૃતેર્મહાન્ મહતો અહંકાર :
"અહંકારાત્ પંચતન્માત્રાણિ ઉભયમ્ ઇન્દ્રિયમ્
"તન્માત્રેભ્યઃ સ્થૂલભૂતાનિ, પુરુષ ઇતિ પંચવિંશતિર્ગણઃ" ૧-૬૧

"ત્રણ મૂળ તત્ત્વો, સત્ત્વ, રજ અને તમની જ્યારે સમાન અવસ્થા હોય તેને પ્રકૃતિ કહેવાય છે. આ ત્રણે તત્ત્વોમાં ચૈતન્યની સ્ફૂરણા થતાં ક્રિયા થવા લાગે છે જેનું પહેલું ફળ 'મહત્તત્ત્વ' છે. એને બુદ્ધિ તરીકે પણ ઓળખવામાં આવે



છે. મહત્માંથી અહંકાર ઉદ્ભવ્યો અને આ અહંકારમાંથી પાંચ તન્માત્રાઓ તથા બે પ્રકારની, બાહ્ય તેમજ આંતરિક–કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો–ઉત્પન્ન થઈ. એમાંની અંદરની ઇન્દ્રિય મન છે. તન્માત્રાઓ વડે પાંચ મહાભૂતો (પૃથ્વી, જળ, અગ્નિ વાયુ તથા આકાશ) ઉત્પન્ન થયાં. ચેતન પુરુષ એ પચીસમું તત્ત્વ છે."

આ સાથે આ પચીસ તત્ત્વો બરાબર સમજવામાં આવે તે સારૂ કોઠો દર્શાવવામાં આવ્યો છે. આને બરાબર સમજવાનો પ્રયત્ન કરીશું અને આપણી માનસિક દૃષ્ટિ સમક્ષ રાખીશું તો ઉઠતાં દરેક સંવેદનોને સમજી શકીશું અને આ સંવેદનો દ્વારા થતી આપણી પ્રત્યેક ક્રિયાને સમજી શકીશું.

પ્રકૃતિમાં ચૈતન્યની સ્ફૂરણા થતાં પ્રથમ મહત્ નામનું તત્ત્વ ઉત્પન્ન થયું. આ તત્ત્વ મનન–રૂપ હોવાને કારણે તેને 'મન' અથવા 'બુદ્ધિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

મહત્ પછી અહંકાર આવે છે. મહતનું કાર્ય બુદ્ધિથી સંબંધિત હોવાને લીધે અહંકાર અભિમાનવૃત્તિ લાવે છે. આજ કારણથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને અંતઃકરણ ચતુષ્ટય તરીકે ઓળખાવવામાં આવે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે બુદ્ધિ વડે જ અભિમાન ઉત્પન્ન થાય છે.

ઉપર જણાવેલાં બાકીના બીજાં બધાં તત્ત્વો અહંકાર તત્ત્વમાંથીજ ઉત્પન્ન થયેલાં છે, જેની સમજ કોઠામાં આપવામાં આવી છે.

જો કે સાંસારિક સુખો તેમજ દુઃખોનો અનુભવ મન દ્વારા બુદ્ધિને થતો હોય છે પરંતુ પુરુષ (જીવાત્મા) તેના સતત સંપર્કમાં હોવાથી, આ જીવાત્મા પોતાનેજ આ સુખ-દુઃખનો ભોક્તા માની લે છે. અહિંયાં જ ભૂલ અથવા અજ્ઞાન-

નું મૂળ રહેલું છે. આવા અજ્ઞાનને કારણેજ પોતાને અથવા બીજાઓને ભોગવવા પડતાં સુખ તેમજ દુઃખ પોતે ઓઢી લઈને નાહકનો પરેશાન થાય છે. આપણા વ્યવહારિક જીવનમાં આવા સેંકડો બલ્કે હજારો બનાવો બનતા હોય છે. એક બે આપણે જોઈએ જેથી આ બાબત સહજ સમજી શકાશે.

આપણાં પુત્ર કે પુત્રી અભ્યાસમાં હંમેશાં ઉંચો નંબર રાખે અને તેઓ ઉંચામાં ઉંચી ડીગ્રી મેળવી માનચાંદ વગેરે પ્રાપ્ત કરે તો આપણે તેઓનું કેટલું ગૌરવ લઇએ છીએ? આપણા રાજ્યની કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિમત્તાના જોરે બીજા રાજ્યોમાં જઈ ધંધાઉદ્યોગો સ્થાપી ત્યાનું ધન અહિયા ઘસડી લાવે તો તેનું કેટલું બહુમાન કરીએ છીએ? આપણને કેટલો પોરસ ચઢે છે? મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ ગુજરાતના હતા. તેઓએ આપણને તેમના પ્રાણના ભોગે સ્વરાજ્ય અપાવ્યું તેનો કેટલો ગર્વ આપણને થાય છે? આ અને આવાં સેંકડો દૃષ્ટાંતો સમાજમાંથી આપી શકાય. આ થઈ સુખજનક અધ્યારોપની વાત.

એક કોલેજીયન યુવતિ બસમાં મુસાફરી કરી રહી હતી. પાછળથી કોઈ મવાલી જેવા લાગતો યુવક તેની સાથે કંઇક અટકચાળા કરવા લાગ્યો. આ યુવતિનીજ સોસાયટીમાં રહેતા એક યુવકનું તે તરફ ધ્યાન ગયું. તે યુવતિને ઓળખી. ધીરેથી સરકીને પેલા મવાલીની પાસે આવી પોતાના પગ વડે એવી તો જોરથી લાત લગાવી કે પેલો મવાલી ચાલુ બસે ત્તચોપાટ નીચે પડ્યો. જોરથી માથું પછડાયું. ચાલુ બસે આવું તોફાન થતાં કંડકટરે બસ ઉભી રખાવી ત્રણેયને ઉતારી મુકયાં. આમાં પેલાં યુવક યુવતી એકજ સોસાયટીમાં રહેતાં હોવાથી યુવકે યુવતિનું દુઃખ પોતે ઓઢયું અને મવાલીની સાથે લડાઇ કરી.



બરાબર આજ હકીકત પુરુષ (જીવાત્મા) અને પ્રકૃતિના સંબંધની છે. પ્રકૃતિના સુખમય ભાવવડે જીવો સુખી જણાય છે અને તેના દુઃખે તેઓ દુઃખી થાય છે. આ છે સંસારમાં રહેલો પ્રપંચ! દુઃખની જડ અહિંયાં છે.

આપણે દુઃખી નથી, પરંતુ ઉપર દર્શાવ્યા પ્રમાણે આપણે આપણી મેળેજ દુઃખની ચાદર ઓઢીને બેઠા છીએ. દુઃખ માત્રનું કારણ અજ્ઞાન છે. આપણને કોઇએ બાંધ્યા નથી. આપણે જાતેજ આપણા હાથપગ બાંધીને બૂમો પાડીએ છીએ અને જ્યાંસુધી આપણે સમજીને આપણાં બંધનો નહિ કાપીએ ત્યાંસુધી આપણને બંધન મુક્ત કરનારૂં કોઈજ નથી. ચૈતન્યથી આપણો ભેદ કદી હતો નહિ અને હવે કદી થવાનો પણ નથી.

(નોંધઃ–કોઠા સાથે આવતા અંકે)

ભક્તોની સેવા કરો, તેમનો સત્સંગ કરો, જપ અને કીર્તન કરો, રામાયણ અને ભાગવત જેવા ગ્રંથોનું અધ્યયન કરો, આથી તમારામાં ભક્તિનો શીઘ્ર વિકાસ થશે; અને તમારા પર ઈશ્વરની કૃપા તથા આશીર્વાદ ઊતરશે.

## અધ્યાત્મના નવા આજીવન સભ્યો

અધ્યાત્મ માસિકના આજીવન સભ્યોની સંખ્યામાં છેલ્લા બે માસમાં અસાધારણ વધારો થયો છે. તેનું મુખ્ય કારણ વાચકોની પ.પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજી તથા પ.પૂ.માશ્રી સર્વેશ્વરી પ્રત્યેનાં શ્રદ્ધા ભક્તિ છે. પૂ.મા શ્રીસર્વેશ્વરીના જન્મદિન નિમિત્તે ૮૭ જેટલા આજીવન સભ્યો બન્યા, તેમાં પરદેશના ભાઈઓએ પણ બીજા ૪૧ સભ્યોનો ઉમેરો કરી આપ્યો. આ કેવું કહેવાય ! જે જે ભાઈઓ આ ઉમદા સત્કર્મમાં સહાયભૂત થયા છે, તે સહુને અભિનંદન.

અહીં શ્રી રજબભાઈએ એકતાલીસ જેટલા આજીવન સભ્યો પૂ.માશ્રી સર્વેશ્વરીના જન્મદિન તા. ૧૩–૧૧–૮૪ના રોજ નોંધેલા, તેમાં મોરબી તાલુકાની ૩૯ પ્રાથમિક શાળાઓ, ઉપરાંત એક સરોડા (પૂ.શ્રી યોગેશ્વરજીનું જન્મસ્થાન) અને બીજું કપૂરા (પૂ.માશ્રી સર્વેશ્વરીનું જન્મસ્થાન)ની પ્રાથમિક શાળાઓને પણ સમાવવામાં આવેલ. તે ગામોનાં નામ નીચે પ્રમાણે છેઃ–

૫૩૮ આચાર્યશ્રી પ્રાથમિક શાળા સરોડા, તા. ધોળકા.
જિ. અમદાવાદ.
૫૩૯ આચાર્યશ્રી પ્રાથમિક શાળા કપૂરા. તા. વ્યારા જિ. સુરત
૫૪૦ રવાપરા, લીલાપર, લખધીરનગર, નવાસજનપર, અદે-
પર, ધરમપુર, ટીંબડી, અમરેલી, ગૌશાળા, રાજપર,
વીરપર, લીલાપર, મકનપર (નવા), રફાળેશ્વર, બંધુનગર,
બગથળા ક.શાળા, મોડપર, બરવાળા, વીરપરડા, માન-
થી સર, ઊંચી માંડલ, વાંકડા, લખધીરપુર, નસીતપર,
મહેન્દ્રપુર, ગાંધીનગર, ટંકારા–તા. શાળા, લજાઈ,
કલ્યાણપર, નવા રાજાવડ, નવા સાદુળકા તા.–શાળા,



સોખડા, શક્તિનગર, ભરતનગર, રોહીશાળા, હમીરપર,
૫૭૮ સખપર, મિતાણા તા.–શાળા અને વીરવાળ.
૫૭૯ શ્રી સનરાઈઝ ટાઈલ્સ પ્રા. લિ. મોરબી. રૂ. ૨૫૧
૫૮૦ ,, પ્રેમજીભાઈ પટેલ મોરબી રૂ. ૨૫૧
૫૮૧ ,, ધીરજલાલ મગનભાઇ પટેલ, મોરબી, રૂ. ૨૫૧
૫૮૨ ,, ધનજીભાઇ છગનભાઈ પટેલ, મોરબી, રૂ. ૨૫૧
૫૮૩ ,, અમરસીભાઇ પટેલ, મોરબી, રૂ. ૨૫૧
૫૮૪ ,, પનુભા ગઢવી, મોરબી, રૂ. ૨૫૧
(શ્રી જયાબેન મોતીભાઇ તરફથી)
૫૮૫. શ્રીમતી ચારૂબેન હર્ષદભાઈ પટેલ, વડોદરા. રૂ. ૨૫૧
૫૮૬. શ્રી રાજેન્દ્રભાઈ પી શુક્લ, વડોદરા. રૂ. ૨૫૧
૫૮૭. ,, સુશીલાબેન સુખડવાલા, મુંબઈ. રૂ. ૨૫૧
૫૮૮. શેઠ જે. જે. પુસ્તકાલય, ખંભાત.
૫૮૯. રાયચંદ દીપચંદ લાયબ્રેરી, ભરૂચ.
૫૯૦. વિક્ટોરીયા જ્યુબીલી લાયબ્રેરી, પાલનપુર.
૫૯૧. શ્રી સી. પી. પારેખ સાર્વજનિક પુસ્તકાલય, મહેસાણા.
૫૯૨. ,, ફત્તેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય, પાટણ.
૫૯૩. ,, સાર્વજનિક મહાજન કસ્બા પુસ્તકાલય, કલોલ.
૫૯૪. ,, જવાહર નહેરૂ વાંચનાલય, સુરેન્દ્રનગર.
૫૯૫. ,, મહારાવશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય,
ભૂજ.
૫૯૬. મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, વલસાડ.
૫૯૭. શ્રી સયાજી વૈભવ સાર્વજનિક લાયબ્રેરી, નવસારી.
૫૯૮. ,, ભગવતસિંહજી સાર્વજનિક પુસ્તકાલય, ગોંડલ.
૫૯૯. ,, દયારામ પુસ્તકાલય, જામનગર.
૬૦૦. એલ. કે. પુસ્તકાલય, જોરાવરનગર.
૬૦૧. શ્રી ગુલાબચંદ તલકચંદ શેઠ સાર્વ. લાયબ્રેરી રાજકોટ.

૬૦૨. શ્રી લાખાજી પુસ્તકાલય, રાજકોટ.
૬૦૩. પરીખ પી. એચ. મહાજન સાર્વજનિક પુસ્તકાલય, કપડવંજ.
૬૦૪. પરીખ સી. કે પુસ્તકાલય, પેટલાદ.
૬૭૫. બ્રધરહુડ પુસ્તકાલય, મોડાસા.
૫૦૬. શેઠ જમનાદાસ માંધવજી તન્ના સાર્વ. પુસ્તકાલય, ભિલોડા.
૬૦૭. વુડહાઉસ લાયબ્રેરી, ઇડર.
૬૦૮. પટેલ યુ. જે. પુસ્તકાલય, ડીસા.
૬૦૯. શ્રી દોલતસિંહજી સાર્વજનિક પુસ્તકાલય, થરાદ.
૬૧૦. શેઠ એલ. એસ. સાર્વ. પુસ્તકાલય, સિદ્ધપુર.
૬૧૧. શ્રી સયાજી ગોલ્ડન જ્યુબીલી પુસ્તકાલય, વિજાપુર.
૬૧૨. પરીખ વિ. એચ. જનરલ લાયબ્રેરી, વીસનગર.
૬૧૩. સાર્વજનિક પુસ્તકાલય, કડી.
૬૧૪. શ્રી માનસિંહજી પુસ્તકાલય, દેવગઢ બારિયા.
૬૧૫. સાર્વજનિક પુસ્તકાલય, ઝાલોદ.
૬૧૬. નગરપંચાયત સંચાલિત પુસ્તકાલય, સંતરામપુર.
૬૧૭. શહેરા તાલુકા સાર્વજનિક પુસ્તકાલય, શહેરા.
૬૧૮. સાર્વજનિક પુસ્તકાલય, પાદરા.
૬૧૯. શ્રી ચંદ્રસિંહજી લાયબ્રેરી, છોટાઉદેપુર.
૬૨૦. હી. ના. માને. સાર્વજનિક પુસ્તકાલય, વાઘોડિયા.
૬૨૧. શ્રી સયાજી શ્વેતોત્સવ સાર્વ. પુસ્તકાલય, શિનોર.
૬૨૨. શ્રી નગરપાલિકા પુસ્તકાલય, રાજપીપળા.
૬૨૩. જે. એન. પીટીટ લાયબ્રેરી, અંકલેશ્વર.
૬૨૪. માણેકરામજી તાલુકા પુસ્તકાલય, જંબુસર.
૬૨૫. શ્રી સયાજી સાર્વ૦ પુસ્તકાલય, વ્યારા.
૬૨૬. નવયુવાન સાર્વ. પુસ્તકાલય, બારડોલી,



૬૨૭. ર. ભા. મોદી સાર્વ. પુસ્તકાલય, કામરેજ. જિ. સુરત
૬૨૮. સાર્વજનિક હિંદુ પુસ્તકાલય, વાલોડ.

નોંધ. અનુ. નં. ૫૮૮ થી ૬૨૮ સુધીના ૪૧ ગ્રાહકોના પૈસા એક મૂક સેવક તરફથી મળ્યા છે. એમને અભિનંદન.

સ્થળસંકોચને લીધે બીજાં નામો આવતા અંકમાં આપીશું.

જે પ્રભુનું નામ રટે છે તેની યમરાજને પણ બીક લાગે છે.
રામકૃષ્ણ પરમહંસ

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વાસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

## સદ્‌ભાવભરી ભેટ


અધ્યાત્મના વાંચકો ને ગ્રાહકો એને પ્રેમપૂર્વક યાદ કરીને સદ્‌ભાવભરી ભેટ મોકલતા રહે છે, તે સહુને અભિનંદન. પૂ.શ્રી અને પૂ.માની મંગલશક્તિજ સહુ સાધકોને આવાં સત્કર્મો માટે પ્રેરણા કરતી રહે છે. છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.

૭૫ (૫ પાઉન્ડ) શ્રી ખુશાલભાઇ મિસ્ત્રી તરફથી.
૧૧ ભાઈ કેતનના જન્મદિન નિમિત્તે દમયંતીબેન તરફથી.
૨૧ શ્રી સુરેખાબેન ભાવસાર, સુરત.
૨૧ શ્રી સરોજબેન મધુકર શુકલ, અને
૨૧ શ્રી દીપક ત્રિવેદી તરફથી પોસ્ટ ડીપ્લોમાં ઇન ઈન્ડસ્ટ્રી-અલ ઇલેક્ટ્રોનીકસમાં ઉત્તીર્ણ થવાથી હા. પ્રતાપભાઇ ત્રિવેદી.
૨૧ શ્રીમતી હસુમતીબેન વિઠ્ઠલભાઇ ગોહિલ.
૧૦૦ શ્રી ધનુબેન પી. દેસાઇ, સુરત.
૨૧ ધીરૂભાઈ સી દેસાઈ સુરત ચિ. કિંજલના જન્મદિન નિમિત્તે.
૫૧ ડૉ. પ્રકાશ કોટેચા, વડોદરા. પુત્રજન્મ પ્રસંગે.
૧૧ શ્રી શાન્તાબેન બી. ટેલર, રાંદેર.
૧૧ મોરબીના એક શુભેચ્છક તરફથી.

જે પ્રભુનું નામ રટે છે તેનીય યમરાજને પણ બીક લાગે છે. યમરાજ તેની પાસે જઈ પણ શકતો નથી. હરહંમેશ પ્રભુનામનો જપ કરો આથી તમને અક્ષય અવસ્થા પ્રાપ્ત થશે.


કન્યા કેળવણીની દિશામાં ઐતિહાસિક કદમ



**રજત જયંતી વર્ષમાં ગુજરાતે મહત્વનું કદમ ઊઠાવ્યું છે. ગુજરાતમાં તમામ વિદ્યા શાખાઓમાં દરેક સ્તરે કન્યાઓને નિ:શુલ્ક કેળવણી અપાશે.**

રાજ્યમાં હાલ ૧૧ ધોરણ સુધી કન્યા માટે નિ:શુલ્ક શિક્ષણની સવલત આપવામાં આવે છે. ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોનો ઉચ્ચ કન્યા શિક્ષણનો આર્થિક પ્રશ્ન હળવો બનાવવા આવતા શૈક્ષણિક વર્ષથી કન્યાઓને તમામ સ્તરે નિ:શુલ્ક શિક્ષણ અપાશે.

ગુજરાતમાં પુરુષ શિક્ષણની ૫૪-૪૪ ની ટકાવારી સામે સ્ત્રી શિક્ષણનો દર ૩૨-૩૦ ટકા છે. તમામ સ્તરે શિક્ષણ મફત થતાં, આ નીચો દર ઊંચો લાવી શકાશે.

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ મેળવતી એક લાખ જેટલી કન્યાઓને આ યોજનાનો લાભ મળશે. કન્યા કેળવણીની દિશામાં આ ઐતિહાસિક કદમ ભરનાર ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય છે.

રજત જયંતી વર્ષે ઝળહળતો નિર્ણય

# લોમ અનુલોમ પ્રાણાયામ પ્રકાર–૨

મણિભાઈ શાહ




પ્રાણાયામ-મુદ્રા



જ્ઞાનમુદ્રા

આ પ્રાણાયામ મલશોધક અથવા નાડીઓની શુદ્ધિ માટેનો છે. તેમાં જે રસ્તેથી શ્વાસને લઇ જવામાં આવે છે તેજ રસ્તે શ્વાસ પાછો લાવવામાં આવે એટલે કે શ્વાસની ઉલ્ટાસુલ્ટી ક્રિયાને લીધે આને લોમવિલોમ પ્રાણાયામ કહેવાય છે. તેમાં ડાબે નસ્કોરેથી શ્વાસ લઈ, કુંભક કરી જમણે નસ્કોરેથી શ્વાસ બહાર કાઢવામાં આવે છે અને પાછો જમણે નસ્કોરેથી શ્વાસ લઈ, કુંભક કરી, ડાબે નસ્કોરેથી શ્વાસ કાઢવામાં આવે છે. અગાઉ ૧૯૮૨ના 'અધ્યાત્મ'ના નવેમ્બરના અંકમાં લોમવિલોમનો એક પ્રકાર આપવામાં આવ્યો છે.



આમાં આંતરકુંભક ઉમેરવાનો છે.

પરંતુ પૂરક રેચક અને કુંભકમાં આંગળીઓનો ઉપયોગ કેવી રીતે કરવો અને માત્રા સંબંધી થોડુંક જાણી લઇએ.

હાથના પાંચ આંગળા. એક અંગુઠો. અંગુઠાની પડખેની આંગળીને તર્જની કહે છે. વચલીને મધ્યમા અને મધ્યમા પછીની અનામિકા. ટચલી આંગળીને કનિષ્ઠિકા કહે છે. પ્રાણાયામમાં અંગૂઠો તથા અનામિકા અને કનિષ્ઠિકાનો ઉપયોગ થાય છે. બીજી આંગળીઓ મધ્યમા અને તર્જની–નિષ્ક્રિય રહે છે તેથી તેને વાળી દેવામાં આવે છે જુઓ ચિત્ર-નં-૧

ડાબુ નસ્કોરૂ બંધ કરવાનું હોય ત્યારે અનામિકા અને ટચલી કનિષ્ઠિકાનો ઉપયોગ અને જમણું નસ્કોરૂ બંધ કરવાનું હોય ત્યારે અંગૂઠાનો ઉપયોગ કરવાનો છે. પરંતુ કુંભક વખતે બંને નસ્કોરાં બંધ કરવાના હોય ત્યારે ઉભેલી બે આંગળીઓ તથા અંગુઠો બંનેનો એક સાથે ઉપયોગ કરવાનો છે જુઓ ચિત્ર–નં–૨. કેટલાક નિષ્ક્રિય આંગળીઓ વાળતા નથી ને ઉભી રાખે છે. જુઓ ચિત્ર નં ૩ તેમ પણ રાખી શકાય. પરંતુ પ્રચલિત રીત ચિત્ર નં–૨ પ્રમાણેની છે. મુખ્ય મુદ્દાની વાત બંને નસ્કોરાં એક પછી એક કે એક સાથે દબાવવાના આવે ત્યારે તે પૂરેપૂરા બંધ હોવા જોઇએ અને શ્વાસ દબાવેલા નસ્કોરેથી જરાકે અંદર કે બહાર જવો ન જોઇએ.

### લોમવિલોમની રીત:-

૧. સ્વસ્તિકાસન, પદ્માસન કે ધ્યાનનું કોઇ આસન લગાવો.

૨. બંને જ્ઞાનમુદ્રા કરી હથેળી ચતી રહે તેમ જમણો હાથ જમણા ગોઠણપર અને ડાબો હાથ ડાબા ગોઠણપર ગોઠવો. અંગુઠો અને તર્જનીના ટેરવા અરસપરસ અડાડી બાકી-

ની ત્રણ આંગળીઓ સીધી રાખવાથી જ્ઞાનમુદ્રા બને છે જુઓ જ્ઞાનમુદ્રાનું ચિત્ર.

૩. હવે બંને નસ્કોરાથી થોડા પુરક રેચક કરો.

૪. છેલ્લો રેચક પૂરો થાય કે તરતજ જમણું નસ્કોરૂં જમણા હાથના અંગુઠાથી દબાવી ડાબે નસ્કોરેથી પૂરક કરો.

૫. પૂરક પૂરો થાય કે તરતજ અગાઉ બતાવ્યુ છે તેમ બે આંગળીઓથી ડાબુ નસ્કોરૂ બંધ કરી દો. બંને નસ્કોરા બંધ અર્થાત્ કુંભક કરો.

૬. કુંભક પૂરો થાય એટલે ડાબા નસ્કોરા પરથી આંગળીઓ ઉપાડી રેચક કરો.

આટલું થાય ત્યારે એક પ્રાણાયામ પૂરો થયો ગણાય અને તે માત્રામાં કરવાના છે. માત્રા એટલે ચોક્કસ સમય મર્યાદા. પૂરક, રેચક અને કુંભકમાં સમયમર્યાદા નક્કી કરવી.

માત્રાનું પરંપરાગત પ્રમાણ (૧) ૧=૪=૨ અને બીજું (૨) ૧=૨=૨

પ્રમાણ–૧લું ૧=૪=૨ એટલે પૂરક જો ૪ સેંકડ કરીએ તો કુંભક સોળ અને રેચક આઠક સેકંડ. આ ૧=૪=૨નું પ્રમાણ થયું અને ૪=૮=૮ સેકંડ રાખવામાં આવે તો ૧=૨=૨નું પ્રમાણ થયું.

આ ત્રણેયનું–પુરક કુંભક રેચકનુ પ્રમાણ પ્રત્યેકે વ્યક્તિગત રીતે નક્કી કરી લેવું જોઇએ પુરક જો ૫ સેંકડ રાખવામાં આવે તો ૨૦ સેકંડ કુંભક અને રેચક ૧૦ સેકંડ.

માત્રાઓ ગણવાનું પ્રાણાયામ કરનારે પોતેજ કરવાનું છે અને તેની બે રીત છે. એક પુરક કરતાં ૪ વાર ઓમ બોલવું અને ડાબા હાથના વેઢા ગણુતા જવું. એવી રીતે કુંભક અને રેચક માટે પણ એમ ગણવા.

બીજી રીત : સેકંડ કાંટાવાળી ઘડિયાળની સેકંડ ગણવી.



શરૂઆતમાં અઘરૂં લાગશે ને શ્વાસ ઉપર મનને એકાગ્ર કરવામાં ખલેલ પડશે પણ થોડા દિવસના મહાવરાથી સહજ થઈ જશે. પછી ગણવાની કે ઘડિયાળ જોવાની જરૂર નહીં પડે. પરંતુ અરસપરસની માત્રામાં ચોકસાઇ આવી જવી જોઇએ.

માત્રા નક્કી કરતી વખતે ખ્યાલમાં એ રાખવાનું છે કે પૂરક કુંભક રેચક વગેરેની માત્રા સહેલાઇથી જળવાવી જોઇએ. કંઇપણ પરાણે ન થવું જોઇએ. ફેફસા ઉપર તાણ ન પડવું જોઇએ. ગુંગળામણનો અનુભવ પણ હરગીજ ન થવો જોઇએ. તેમજ કુંભક પૂકર કે રેચક નિર્ધારિત સમય પહેલાં છૂટી ન જવો જોઇએ. નક્કી કરેલી માત્રા સ્વાભાવિકરીતે જળવાય પછીજ વિચારીને માત્રા વધારવી જોઇએ.

આવા પ્રાણાયામ દરરોજ સવારે સાંજે સાત સાત કરવા ને અઠવાડિયે બે પ્રાણાયામ વધારવા. ઝડપી શુદ્ધિ માટે દિવસ અને રાતના મળીને ચારવાર પ્રાણાયામ કરવાનું યોગવિદો કહે છે, પરંતુ અતિ ઉત્સાહમાં આવીને શરૂઆત ન કરવી. એકવાર પ્રાણાયામ બરોબર આવડી જાય અને નિયમિત અભ્યાસ અમુક સમય સુધી કર્યા પછી જ આગળ વિચારવું જોઇએ.

## પ્રાણાયામની ઉપયોગીતા

મલાકુલ (મળથી ભરેલી) નાડીઓમાં પ્રાણસંચાર સરળતાથી થઈ શકતો નથી. માટે નાડીઓને શુદ્ધ કરવા–એને નિર્મળ કરવા માટે આ પ્રાણાયામ છે. એને મળશોધક પ્રાણાયામ પણ કહેવામાં આવે છે. પરંપરાથી અનુમોદિત અને નાડીઓના મળને દૂર કરવામાં અકસીર છે. તે જ્ઞાનતંતુઓ મજબૂત અને ફેફસાને સશક્ત કરે છે. જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. ઓકસીજન (પ્રાણવાયુ) મેળવવાની ફેફસાની કાર્યક્ષમતા પણ વધારે છે. આંતર અવયવો જેવા કે મૂત્રપિંડ (kidney), આંતરડા

વગેરેને પણ નિરોગી બનાવે છે.

પૂ. વિનોબાએ એવો અભિપ્રાય આપ્યો છે કે પ્રાણાયામથી એકાગ્રતામાં સહાય મળે છે. કોઈએ પૂ. રમણ મહર્ષિને પ્રશ્ન કર્યો, 'મનોબળ કેમ મળે ?' તો મહર્ષિએ કહ્યું 'પ્રાણાયામથી.' પુરાણો અને યોગનો દાવો તો તેથીય અદ્દભુત છે પણ તેમાં જવાની જરૂર નથી. પ્રાણાયામ જે કરશે તેની પાસે પ્રાણાયામજ પોતાનું રહસ્ય પ્રગટ કરશે. મુદ્દાની વાત પ્રાણાયામ કરવાની છે. પ્રાણાયામ જે કરશે તેને તેનાં પ્રતીતિકર પરિણામો પણ મળશે અને પ્રત્યાહાર અને ધારણાની ભૂમિકા પણ બંધાશે.

**લોમવિલોમનો ત્રીજો પ્રકાર:-**

આ પ્રાણાયામમાં બહિરકુંભક ઉમેરવામાં આવે છે. દરેક પુરક પછી આંતરકુંભક કરવામાં આવે છે તેમ દરેક રેચક પછી બહિરકુંભક અર્થાત્ શ્વાસને બહાર થંભાવી દેવાનો છે અને બંને નસ્કોરાં આંતરકુંભકની જેમજ અંગૂઠા અને અનામિકા તથા કનિષ્ઠિકાથી દબાવી રાખવાના છે.

તેમાં પ્રમાણ પણ બે રીતના.

| | | | |
|---|---|---|---|
| ૧ : ૨ : ૨ : ૨ | | ૧ : ૪ : ૨ : ૨ | |
| ૧ પૂરક | ૪ સેકંડ | ૧ પૂરક | ૪ સેકંડ |
| ૨ આંતરકુંભક | ૧૬ સેકંડ | ૪ કુંભક | ૧૬ સેકંડ |
| ૨ રેચક | ૮ સેકંડ | ૨ રેચક | ૮ સેકંડ |
| ૨ બહિરકુંભક | ૮ સેકંડ | ૨ કુંભક | ૮ સેકંડ |

સાદા લોમવિલોમમાં કુંભક ઉમેર્યો તેમ અહીંયા બહિરકુંભક ઉમેરવામાં આવ્યો છે.

**સૂચના:-**

૧. પૂરકરેચકની ગતિ એકધારી બધા પ્રાણાયામ પૂરા થતા સુધી જળવાવી જોઈએ. ગતિ ક્યારેય ત્રૂટક ન થવી જોઈએ તેમજ ઘડીક ઉતાવળી ઘડીક ધીમી પણ ન થવી જોઈએ.



નિર્ધારિત માત્રાથી એકધારી ગતિથી તાલપુરઃસર પ્રાણાયામ થવા જોઈએ.

૨. મનને શ્વાસ પર કેન્દ્રિત કરવાનું છે. પૂરક વખતે મન તેની સાથે અંદર જાય, રેચક વચ્ચે બહાર જાય અને કુંભક વખતે હૃદય પર મન કેન્દ્રિત કરવું.

૩. સવારે સ્નાન કર્યા પછી કરવા. સાંજે સ્નાન કર્યા વિના પણ થઈ શકે.

૪. કપડાં ઢીલાં હોવાં જોઈએ. ધોતિયું કે પાટલુન ટાઈટ ન હોવું જોઈએ.

૫. પૂરક કરતી વખતે નાક, ભવાં કે મુખની કોઈ પેશી (muscle) ખેંચાવી ન જોઈએ. શ્વસનક્રિયામાં મુખની પેશીઓને કઈ લેવાદેવા નથાં.

૬. ગળુ, નાક સાફ હોવાં જોઈએ. ઉધરસ સળેખમ કે શરદી હોય ત્યારે પ્રાણાયામ ન કરવા.

૭. ચોકખા આસન પર બેસી ચોકખી હવા મળે તેવા સ્થળે પ્રાણાયામ કરવા.

૮. સવારે કંઈપણ ખાધાપીધા વિના અને સાંજે જમતાં પહેલાં ૩૫–૪૦ મિનિટ અગાઉ પ્રાણાયામ કરવા.

૯. પ્રાણાયામનો અભ્યાસ છૂટી જાય તો એકડેએકથી શરૂ કરો.

૧૦. પ્રાણાયામનો અભ્યાસ નિયમિત કરવો જોઈએ. બેવાર ન થઈ શકે તો સવારે એકજવાર કરો.

# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

પ્રશ્નઃ– શું કામવાસનાને જીતી શકાય ખરી ? લગ્નજીવનના દશ વરસના અનુભવ પછી પણ પ્રયત્ન કરવા છતાં કામ વાસનામાંથી મુક્તિ મેળવવાનું કામ કપરું લાગે છે. એથી આપનું માર્ગદર્શન માગું છું.

ઉત્તરઃ– આ તમારી વ્યક્તિગત સમસ્યા છે, પણ ખરેખર તો તે ઘણાએ સાધકોના જીવનની સમસ્યા છે. એને તમે વાચા આપી છે, આધ્યાત્મિક વિકાસમાં જેમને રસ છે, તેમણે કામુકતામાંથી છૂટવું જરૂરી છે. તેના વિનાનો સાધનાત્મક અભ્યાસ પત્થર પર પાણી જેવો થવાનો સંભવ છે. તમે તે માટે પ્રયત્ન કરો છો અને એ પ્રયત્નની નિષ્ફળતાનું દુઃખ અનુભવો છો, એ એક અત્યંત આવકારદાયક વસ્તુ છે. એ લક્ષણના પ્રતાપથી જો આજ પ્રમાણે પ્રયત્ન કરતા રહેશો તો તમારી ઇચ્છિત અવસ્થાની પ્રાપ્તિ તમે જરૂર કરી લેશો.

આ સંસારમાં કશુંજ અશક્ય નથી, એ હંમેશા યાદ રાખો. અશક્ય જેવી લાગતી વસ્તુઓ પણ માણસે પોતાના અનવરત પુરુષાર્થ, અદમ્ય ઉત્સાહ અને મનોબળથી તેમજ સમર્પણ ભાવથી શક્ય કે સિદ્ધ કરી છે. એટલે કામવાસનાને જીતી શકાય કે કેમ એવી શંકાજ ના રાખો. તેને જરૂર જીતી શકાય છે. આજ લગી કેટલાય પુરુષસિંહો એને જીતી શક્યા છે, તેમ તમે પણ જીતી શકશો, એવો આત્મવિશ્વાસ રાખો.



પ્રશ્નઃ– મનુષ્યમાં કામવાસનાને સ્વાભાવિક કે કુદરતી તરીકે લેખવામાં આવે છે એ શું સાચું છે ?

ઉત્તરઃ– આમાં સ્વાભાવિક કે કુદરતીનો અર્થ તમે કેવો કરો છો ? જો એનો અર્થ તમે મૂળભૂત સ્વભાવ સાથે સંકળાયેલો કે જડાયેલો અથવા તો સ્વભાવ હોય ત્યાં સુધી રહેનારો એવો કરતા હો, તો એ અર્થમાં કામવાસનાને હું સ્વાભાવિક નથી કહેતો. માનવને માટે જે સ્વાભાવિક છે તે તો પ્રેમ છે, કામ નથી. પ્રેમ જ એની પ્રકૃતિ છે, ને કામ તો વિકૃતિ છે. બન્નેને તમે એક ના સમજી લેતા. પ્રેમ કાયમી છે, પરંતુ કામનો આવેગ કામચલાઉ છે. પ્રેમ મંગલ હોવાથી પરમાત્માને પણ પ્રેમસ્વરૂપ કહેવામાં આવે છે, કામસ્વરૂપ કહેવામાં આવતા નથી. એટલે કામવાસનાને સ્વાભાવિક માનવાની ભૂલ ન કરતા.

પ્રશ્નઃ–તો કામવાસનામાંથી મુક્તિ મેળવવાના કોઈ ઉપાય ખરા ?

ઉત્તરઃ– જરૂર એના ઉપાય છેજ.

સૌ પ્રથમ સત્સંગ અથવા તો સારા કે પવિત્ર પુરુષોનો સમાગમ. સારાં પુસ્તકોનું વાંચન, મનન તેમજ વિષયોમાં દોષ દર્શન. એ બધા ઉપરાંત મુખ્યત્વે તો ઈશ્વરની ઉત્કટ પ્રાર્થનાનો આધાર લેવો જોઇએ. પ્રાર્થનામાં દૈવીશક્તિ રહેલી છે. તે દ્વારા ઈશ્વરની મદદ માગો, તો તે તમારા માર્ગને જરૂર સરળ બનાવશે. તમારી નબળાઈઓને દૂર કરવાની શક્તિ પણ તે પૂરી પાડશે.

આ ઉપરાંત, સ્ત્રી માત્ર તરફ માતાની કે બેનની દૃષ્ટિથી જોવાની ટેવ પ્રારંભમાં જરૂરથી મદદરૂપ થાય પરંતુ પાછળથી

પવિત્રતાનું પ્રાકટય થતાં એવી ટેવ નહિ પાડવી પડે. એ દૃષ્ટિ અથવા તો એવું નિર્મળ દર્શન તમારે માટે સહજ બનશે. પછી સ્ત્રી કે પુરુષ સૌને તમે આત્મભાવે જોતા થઈ જશો. પરમાત્માના પ્રતિક જેમ અનુભવતા થઈ જશો. કામની સમસ્યા પછીથી તમારા જીવનમાં નહિ રહે, માત્ર પવિત્ર પ્રેમ જ રહેશે.

( પાનાં ૬૪નું ચાલુ )

કોઈ પણ પ્રકારનો ભેદભાવ કે સ્વાર્થ નથી. આપણે મન ચારે બંધુઓ સરખા છે. બધા આપણાજ હોય એવું આપણને લાગ્યા કરે છે; અને ચારે ભાઇઓ પણ આપણને પોતાની માતા માની આપણા પર એક સરખો સ્નેહ રાખ્યા કરે છે. એમાંયે રામનો સ્નેહ તો અજબ છે. બીજી માતાઓને ભાઇઓ પ્રત્યે એ વધારે સ્નેહ રાખે છે. પછી આપણો સ્નેહ આવો ને આવો એક સરખો ના રહેવાનું કોઈજ કારણ નથી દેખાતું, વધુમાં રાજા પણ સૌ પ્રત્યે સમાનભાવ ધરાવે છે. (ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

(યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

**: અલૌકિક કથા :**

અયોધ્યા નગરીના દર્શનનું સૌભાગ્ય ઘણે લાંબે વખતે પ્રાપ્ત થયું. એથી રામ અને લક્ષ્મણને અનહદ આનંદ થવા માંડ્યો. એમનો પ્રાણ પુલકિત બનીને નાચવા માંડ્યો.

એમને રોમાંચ થયા.

અને કેમ ના થાય ?

માણસ ગમે ત્યાં ફરે ગમે ત્યાં રહે, પરંતુ જન્મભૂમિના દર્શનથી અથવા માતૃભૂમિમાં આવવાથી એક પ્રકારની ઊંડી શાંતિ અથવા પ્રસન્નતાનો અનુભવ કરે છે. એ હકિકત રામ અને લક્ષ્મણ-ને માટે પણ સાચી હતી. એ એમાં અપવાદરૂપ ન હતા.

રામે લક્ષ્મણને કહી બતાવ્યું : કે અયોધ્યામાં આવવાથી મને આટલો બધો આનંદ કેમ થઈ રહ્યો છે ? જાણે અત્યારસુધી પૃથ્વીની બહારના કોઇ પ્રદેશમાં ફરતો હોઉં અને આજે પૃથ્વીમાં પ્રવેશતો હોઉં એવું લાગ્યા કરે છે.'

'મને પણ એવીજ અનોખી લાગણી થઈ આવે છે.' લક્ષ્મણ બોલ્યો : 'મારા અંતરના ઉમળકાને પ્રકટ નથી કરી શકતો. જાણે કોઈક દિવસો પહેલાં ખોવાઇ ગયેલી વસ્તુ પુનઃ પ્રાપ્ત થઈ હોય એવી લાગણી થયા કરે છે. એવી શાંતિ, એવી તૃપ્તિ અને એવી સુખની ઉર્મિનો અનુભવ થયા કરે છે.

'અયોધ્યા તો અમરાપુરીથી યે અધિક છે. આપણે બીજે બધે ફર્યા પરંતુ અયોધ્યાની ભૂમિ જેવી ભૂમિ કયાંય નથી જોઇ. આ ભૂમિ ચેતનમયી લાગે છે. આની રજ અત્યંત અદ્‌ભુત અને અ-લૌકિક છે. એના અણુએ અણુમાં અસાધારણતાનું દર્શન થાય છે.

એમ લાગે છે. માનવનેજ નહિ દેવોને પણ આ ભૂમિ એટલોજ આનંદ આપતી હશે. સાચું છે. દેવો પણ આ ભૂમિપર મીટ માંડીને પ્રસન્ન થતા હશેને. આ ભૂમિમાં જન્મવાની ભાવના સેવતા હશે. આ પવિત્ર સરયૂ અને એના સુંદર શાંત તટ પ્રદેશ પરનાં દેવ મંદિરોની ઝાંખી કરીને એમને કાંઇનું કાંઇ થઈ જતું હશે. આ મહિમામયી સુખથી છલકાતી અયોધ્યાપુરીમાં વિહરવાની કામનાને એ નહિ રોકી શકતા હોય.'

પવિત્ર સરયૂને પ્રણામ કરી એનું આચમન લઈને સૌ આગળ વધ્યા. સીતા, ઉર્મિલા, માંડવી અને શ્રુતકીર્તિ તથા મિથિલા નગરીનાં બીજા પ્રજાજનો સરયૂના સુંદર તટ પ્રદેશના દર્શનથી આનંદ પામ્યા.

એમના આત્મા પ્રવાસના સઘળા શ્રમને ભૂલી ગયા. અયોધ્યાના સુંદર દૃશ્યની, એની આકર્ષકતા અને આહ્લાદકતાની સૌ પ્રશંસા કરવા લાગ્યા. સીતા અને ઉર્મિલાને એ દૃશ્ય ઘણુંજ ગમી ગયું.

સીતાના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા : 'અયોધ્યાની ભૂમિ આટલી બધી આકર્ષક હશે એની તો કલ્પના મને પણ ન હતી. આ ભૂમિ વિશે સાંભળ્યું તો ઘણું હતું પરંતુ એ ગુણ શ્રવણ અધૂરું હતું, એવી ખાતરી થાય છે. જે ભૂમિમાં રામ જન્મ્યા તે ભૂમિ કાઈ જેવી તેવી ને જગતની ઈતર ભૂમિ જેવી સાધારણ તો ન જ હોય. એ ભૂમિ રામની ચરણરજથી પાવન તથા વિશેષ મહિમાવાળી હોય એ સહેજે સમજી શકાય તેમ છે.

ઉર્મિલાએ પોતાના અંતરની ઉર્મિને વ્યક્ત કરતાં કહ્યું : જે ભૂમિએ પરમ પ્રતાપી રામ અને લક્ષ્મણને પેદા કર્યા તે ભૂમિ તો તીર્થ કરતાં પણ વધારે મહિમાવાળી કહી શકાય. એના સ્પર્શથીજ મને ઉંડી શાંતિ મળે છે. મિથિલાની ભૂમિ કરતાં આ ભૂમિ કાંઇ ઓછી આહ્લાદક નથી લાગતી. આવી અલૌકિક ભૂમિમાં



આપણે આવવાનું બન્યું અને સાથે સાથે આપણી ભાવના પ્રમાણે રહેવાનું નિર્માણ થયું એ ઈશ્વરની કૃપા જ છે.'

સરયૂના સુંદર તટપર અયોધ્યાના નગરજનો સ્વાગત માટે ઉભા હતા. એ સૌએ આગંતુકોનું અત્યંત પ્રેમથી સ્વાગત કર્યું. કૌશલ્યા, કૈકેયી કે સુમિત્રાએ પોતાના પુત્રોના વિવાહની વાત સાંભળી ત્યારથી જ એમની પ્રસન્નતાનો પાર ન હતો. ચારે પુત્રોની ચાર દેવદુર્લભ સુંદર સ્ત્રીઓને નિહાળીને એમનાં હૈયા હરખ ઘેલા બની ગયા. એ પોતાને સાચા અર્થમાં કૃતાર્થ માનવા લાગી.

મહર્ષિ વિશ્વામિત્રનો એમણે અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

કૌશલ્યાએ કહ્યું. 'આ બધું મહર્ષિ વિશ્વામિત્રના અનુગ્રહનુંજ પરિણામ છે. એમના વિના આ અવસરનો આનંદ આપણને ભાગ્યેજ મળી શકતો હોત. એમણે સૌથી પહેલાં પધારીને રાજા પાસે રામ અને લક્ષ્મણની યજ્ઞની રક્ષા માટે માગણી કરી ત્યારે આપણા પર જાણે કે વીજળી પડી હોય એવું લાગવા માંડેલું. રામ અને લક્ષ્મણને વિદાય આપેલી તે પણ અતિશય દુઃખપૂર્વક. પરંતુ હવે ખાતરી થાય છે મહર્ષિ વિશ્વામિત્રે જે કર્યું તે સારા માટેજ કરેલું.

કૈકેયી બોલી : 'એ મહામુનિની કૃપાથીજ રામ અને લક્ષ્મણ મહા બળવાન રાક્ષસોનો સફળતાપૂર્વક પ્રતીકાર કરીને એમના પવિત્ર યજ્ઞની રક્ષા કરી શકયા, અને મને તો લાગે છે કે રાજા જનકના આદરેલા સ્વયંવરમાં ભગવાન શંકરના પ્રતાપી ધનુષ્યને તોડવાનું તથા સીતાને વરવાનું કામ પણ એમની કૃપાને લીધેજ શકય બની શકયું. બાકી એ કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું ન હતું. ગમે તેમ પણ બધાજ બંધુઓને પોતપોતાની સુંદર પત્નીઓ સાથે જોઈને મારું અંતર ઊછળી પડે છે.

સુમિત્રા બોલી : 'લગ્ન તો કેવળ રામનુંજ થવાનું હતું. રાજા જનકનો સંદેશ તો એવોજ હતો. પરંતુ ઈશ્વરે કાંઈક જુદી જ

લીલા કરવાનો વિચાર કર્યો. ને તે પ્રમાણે યોજના બનાવી. એમને થયું કે ચારે ભાઈઓને પરસ્પર પુષ્કળ પ્રેમ છે તો ચારેનું ભાગ્ય એક દિવસે એક સાથેજ ચમકવું જોઈએ. એ ઈશ્વરેજ એમના લગ્નનો આનંદદાયક અવસર ઊભો કર્યો. એમની સાથે આપણું ભાગ્ય પણ ચમકી ઊઠ્યું. 'સાચું છે નહિ તો આવી એકજ રાજ-કુટુંબની ચાર એક સરખાં સૌન્દર્ય ને શીલવાળી કન્યાઓ આપણ-ને ક્યાંથી મળવાની હતી! આવી સુંદર કન્યાઓતો યક્ષ, કિન્નર, ગંધર્વ કે દેવલોકમાં પણ ન મળે.'

'બધી કન્યાઓ તો છે અસાધારણ સૌન્દર્યવાળી પરંતુ સીતા-એ સૌમાં આગળ પડતી તરી આવે છે. જેમ ચારે ભાઇઓમાં રામ ઉત્તમ છે તેમ કન્યાઓમાં સીતા જુદીજ તરી આવે છે.'

કૈકેયીએ કહ્યું: 'સીતાને રામ માટેજ તૈયાર કરવામાં આવી હોય એવું લાગ્યા વિના નથી રહેતું. રામની સાથે એ કેટલી બધી સરસ રીતે શોભી ઉઠે છે! જાણે કે આત્માની સાથે કાયા અથવા ઈશ્વરની સાથે એમની આશ્રયભૂતા અભિન્ન શક્તિમાયા.

કૌશલ્યા ભારે સ્વરે કહેવા લાગી, "કૈકેયીનાં ભાવભીના વચનો સાંભળીને મારું હૃદય વધારે ભાવમય બની જાય છે. 'એ વચનો મારા પોતાનાજ વિચારો ને ભાવોનો પડઘો પાડે છે. રામ ને સીતા-ને જોઇને તમને આટલો બધો પ્રેમ થાય છે, પરંતુ લક્ષ્મણ ભરત તથા શત્રુઘ્નને સજોડે જોઈને પણ મને એવોજ પ્રેમ થઈ રહ્યો છે. આપણો એ પ્રેમ શાશ્વત રહે ને દિનપ્રતિદિન વધ્યા કરે એવું ઇચ્છું છું.

'એતો શાશ્વત રહેશે ને વધતો જશે એમાં શંકાને માટે સ્થાન નથી.' 'કૈકેયીનાં વિશ્વાસપૂર્વકનાં વચનો સાંભળીને કૌશલ્યા-ની આંખ ભીની થઇ ગઈ. સુમિત્રાને પણ અપાર સંતોષ થયો. એણે કહ્યું, આપણો પ્રેમ સનાતન શા માટે ના રહે? આપણી વચ્ચે

(અનુસંધાન પાના ૬૦ ઉપર)

## આત્મસાક્ષાત્કાર-જીવનનું પ્રધાન લક્ષ્ય

ભગવાન રમણ મહર્ષિએ કહ્યું છે કે આત્મવિચારનો આધાર લીધા વિના બીજા કોઈક સાધનની મદદથી મેળવેલો મનનો સંયમ સનાતન નથી હોતો, કારણ કે મન પાછું પોતાની સ્વાભાવિક પ્રવૃત્તિઓને કરવા માંડે છે. જે નૈસર્ગિક નથી હોતું તે સનાતન પણ નથી હોઇ શકતું; અને જે સના-તન નથી હોતું તેને માટે પ્રયત્ન કરવાનું યોગ્ય નથી ગણાતું. અયોગ્ય સાધનાપદ્ધતિનો આધાર લેવાથી આત્મસાક્ષાત્કારની આશા અથવા શક્યતા નથી રહેતી.

બીજી ક્રિયાઓનો આધાર લેવાથી કેવળ આત્મવિચારનો આધાર લઇને આગળ વધવાનું શક્ય નથી બનતું. જીવન એટલું બધું ટૂંકુ છે કે એને આડવાતોમાં પડીને વેડફી નાખીએ તે પોષાય નહિ.

અનેક પ્રકારનાં કષ્ટ-સાધ્ય અઘરાં આસનો, પ્રાણાયામો, મંત્રો, સ્તોત્રો, પ્રાર્થનાઓ અને ધ્યાનોનો લાભ લઇને આગળ વધવાનું કાર્ય વ્યાહવારિક જીવનમાં રચ્યાપચ્યા રહેનારા સાંસારિક માનવને માટે શક્ય નથી લાગતું. એ કાર્ય એની શક્તિની અને એનાં સાધનોની સીમાની બહારનું છે. ઘણાજ થોડા સાધકો પાસે એટલું ધન પણ હોય છે કે જેથી એ કોઈપણ પ્રકારની આર્થિક ચિન્તા વિના સંસારની બાહ્ય પ્રવૃત્તિને છોડીને એકાંતનો અથવા નિવૃત્ત જીવનનો આનંદ લઈ શકે.

પશ્ચિમના કે પૂર્વના ગૂઢ વિદ્યાઓનો આશ્રય લેનારા સાધકો મોટા ભાગે પોતાનું જીવન ઉપરના જેવી આડવાતોમાં વેડફી નાંખતા હોઈ, આત્મસાક્ષાત્કારનું લક્ષ ચૂકી જાય છે.

—યોગેશ્વરજી

# મૃત્યુનો શોક શો ?

જન્મ ને મરણ સંસારમાં સનાતન છે, ને સૌની પાછળ વળગેલાં છે. પરમાત્માનું શરણ લઈને પરમાત્માને ઓળખવાથી જ માણસ તેમને જીતી શકે છે. બાકી તો સૌ એ તેમના પાશમાં સપડાવાનું જ છે. જે શોક કરે છે તે રડે છે તેમણે પણ એ માર્ગે જવાનું છે, ને જીવન ને મરણ તો સાપેક્ષ છે. એક સાથે વળગેલાં છે. એક ઠેકાણે સૂર્યાસ્ત થાય છે એટલે શું સૂર્યનો નાશ થઈ જાય છે કે સૂર્યને છુટ્ટી મળે છે? એક ઠેકાણેનો સૂર્યાસ્ત તે બીજા સ્થળનો સૂર્યોદય છે. તેવું જ જન્મ ને મરણના સંબંધમાં સમજી લેવાનું છે. તેનો હર્ષ શોક શા માટે ? ને સૌભાગ્ય તો સૌનું કાયમ છે. જેને ઈશ્વરનાં ચરણોમાં પ્રેમ છે ને ઈશ્વરને સર્વસ્વ સમજીને જે તેની પ્રસન્નતા માટે પ્રયાસ કરે છે, તેના સૌભાગ્યને કોણ ખંડિત કરી શકે તેમ છે ? જે પરમાત્માને પોતાના પ્રિયતમ, સખા ને સુહૃદ માને છે તેનું સૌભાગ્ય સનાતન છે. કરોડો કાળથી પણ તે લૂંટી શકાય તેમ નથી. બીજા બધાં જ સાંસારિક સૌભાગ્યો નામનાં છે. તે ગમે તેટલાં સુખદ ને દીર્ઘજીવી દેખાય, તો પણ શ્રેયસ્કર ને શાશ્વત નથી. આ કાયા ક્ષણભંગુર છે તેનો નાશ નક્કી છે. પછી મૃત્યુનો શોક શો ?

—શ્રી યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ફોન : ૨૮૧૭૨